Chapter-8

• કેમ, મકનજી, ક્યાં ચાલ્યા? •

કૃષ્ણ-સુદામાનું પુરાકલ્પન અને પરંપરાશીલ નાટ્ય

kalpana's

'ગદ્યપર્વ' દ્વિમાસિકના જાન્યુ. ૧૯૯૦ના અંકમાં પ્રકાશિત અને શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર રચિત ત્રિઅંકી નાટક 'કેમ, મકનજી, ક્યાં ચાલ્યા?' -માં ઈશ્વર કે સત્યના પ્રતીક સમા અમથાલાલને શોધવા, પામવા અને પરિતૃપ્ત થવા પરિભ્રમણ અર્થે નીકળી પડતા[1] અને નેતાથી માંડી અભિનેતા સુધીના વિવિધ સામાજિક સ્તરોમાં ઘૂમી વળતા,[2] આમ આદમીનું પ્રતિનિધાન કરતા મકનજી મૂળસંગ (મૂળ સાથેનો?) સત્તાણી (સત્તાવાળા કે અસ્તિત્વવાળો) નામના[3] સીધાસાદા સંવેદન--શીલ માણસની મથામણને, ભ્રષ્ટ શાસકો અને સત્તાધારીઓ દ્વારા થતા તેના શોષણને અને જાત સાથેની તેની છેતરામણને નાટ્યકારે કૃષ્ણ-સુદામાના પુરાકલ્પન અને ભવાઈ જેવા પરંપરાશીલ નાટ્યના સર્જનાત્મક વિનિયોગ દ્વારા કલાત્મક રીતે ઉપસાવ્યાં છે.

ભવાઈ-વેશના દુહાના સંદર્ભમાં આવતી કથાને ઉપાદાન બનાવી રચાયેલા 'મલકા' તથા 'રાઈનો દર્પણરાય' જેવા નાટકોમાં ભવાઈના સ્વરૂપનો અંશતઃ વિનિયોગ થયો છે પણ 'મકનજી'માં ભવાઈનો અસલ મિજાજ તેના પૂર્ણસ્વરૂપે પ્રગટે છે. નાટકની વસ્તુસંરચના, સંવાદશૈલી, પાત્રનિરૂપણ - આ બધા અંગોમાં ભવાઈની છટા સોળે કળાએ ખીલી ઊઠે છે એટલે જ શ્રી સતીશ વ્યાસ જેવા વિવેચકો તેને 'અંતરની આંખે અમથિકાનો વેશ' કહી ભવાઈના એક વેશ તરીકે તેનું મૂલ્યાંકન કરે છે.[4] ભવાઈ જેવા પરંપરાશીલ નાટ્યનું સ્વરૂપ પૂર્ણપણે ખપમાં લઈ નાટ્યકારે કૃષ્ણ-સુદામાના પુરાકલ્પનને અર્વાચીન સંવેદનના સંદર્ભમાં કેવી રીતે વિકસાવ્યું છે તે તપાસવું રસપ્રદ થઈ પડશે.

ભવાઈની ભજવણીનો આરંભ ગણપતિના વેશથી થાય છે જેમાં

ગણપતિની સ્તુતિ-વંદના કેન્દ્રમાં હોય છે તેમ અહીં પણ ભવાઈના પરંપરાગત સંગીત સાથે પ્રકાશના સ્પોટમાં કેશવ નાયક પ્રવેશી,
" એ સરસતીમાતાની જે! જે સાંબ સદાશિવ નટરાજ, દુઃખભંજનો ગણપતિ દૂંડાળા, જેજેજેજેજે સરસતીમાં, હો અમપર કિરપાળા" એમ કહી સરસ્વતી, શિવ અને ગણપતિની જે બોલાવે છે.

આમ તો નાટકનો પ્રયોગ જયશંકર' સુંદરી 'નાટ્યગૃહ જેવા પ્રોસીનિયમ થિયેટરમાં થઈ રહ્યો છે પણ કેશવ નાયક, ભાદરણ ગામના ચોરામાં, આસો મહિનાની તારલા છલકતી રાતે, ખુલ્લા આકાશ નીચે જાણે 'મકનજી'નો વેશ ભજવાઇ રહ્યો હોય એવો આભાસ ઊભો કરતાં, મેઈક બિલીવની સૃષ્ટિ રચતાં કહે છે,

નાયક: (પ્રેક્ષકોને) આ ભાદરણ ગામના ચોરામાં ભલે આયા સરકાર! નિરાંતે જુઓ અમારો આ વેશ - સુખચેનથી. આ પડખે રણછોડરાયની ધજા લે'રાય છે ને પાછળ મોતી તળાવડીમાં તો, મોટા, માછલાં સોત જંપી ગયાં છે. ભાદરણ ગામનું મા'જન ને મોભી એકઠું થયું છે... ક્યાં ક્યાંથી નથી આવ્યું? આ બ્રહ્મપોળમાંથી, આ સોનીવાડમાંથી ને ઝવેરી બજારમાંથી ને દેસાઈ શેરીમાંથી. હવેલીમાંથી નગરશેઠ પોતે... ખુદ પોતે પધાર્યા છે આજે તો, આ આસો મહિનાની રઢિયાળી રાતે. અમે ય તે સહુ તરગાળા આજે તો એવા ભજવીશું અસલી વેશ કે પેલા લેલૂડા લી'બડા પર ટોચની ડાળે પેલો જુવો, મોર બેઠો છે ને, સરસતીમાંનું વાહન એ યે આજે તો -

કેશવ નાયક આ રીતે ભવાઈ શૈલીમાં નાટકની પ્રસ્તાવના બાંધી રહ્યો હોય છે ત્યાં એક છોકરો ગાયક-વાદકવૃંદમાંથી ઊભો થઈ નાયક પાસે ધસી જઈ, ખાનગી રીતે કંઈક કહેવા માંગતો હોય તેમ વચ્ચે વચ્ચે, "નાયક! નાયક!... અરે નાયક... અલ્યા એ ગાંડાભાઈ નાયક" બોલતો રહે છે ને નાયક તેને જાણે કોઈ કૂતરું હોય તેમ હુડે હુડે કરતો રહે છે. અંતે કેશવ નાયક અકળાઈને બોલી ઊઠે છે,

નાયક: ચ્યમ? ચ્યમલ્યા તરગાળુ ચ્યારનો?

ને ભવાઈમાં જેમ નટ, પ્રેક્ષક સાથે સીધો સંબંધ પ્રસ્થાપિત કરે છે તેમ કેશવ નાયક પ્રેક્ષકો સાથે સીધી વાત કરતાં કહે છે,

નાયક: (પ્રેક્ષકોને) આવો-આ-આ-આ નમૂછિયું, માવડિયું, નાનડિયું તરગાળુ મને-મને કેશવા નાયકને ખુદને-વચ્ચે વચ્ચે-જ્યારે આ મોતી તળાવડીને કાંઠે, આસોની ઊગતી રાતે, તમોને માજનમોભીને આવો-આવોના બે બોલ કઉં છું, આ ભાદરણ ગામના ચોરામાં-ત્યારે આ છોકરડું મને-ખુદ કેશવા નાયકને-ઇન્ટરટપ્પ કરે છે, બોલો!

શ્રી સતીશ વ્યાસ નોંધે છે તેમ 'ઈન્ટરપ્ટ'ને બદલે રમૂજસર્જક 'ઈન્ટરટપ્પ' મૂકીને પ્રારંભમાં નાટ્યકારે એક હળવી (હીંચકાને) ઠેસ મારી છે. ઈન્ટરપ્શન છે, પેલા છોકરાનું કે આ ભાદરણનો ચોરો નથી પણ અમદાવાદનો જયશંકર સુન્દરી હૉલ છે. અહીં કેશવ નાયકે વર્ણવેલી એકેય જગા દેખાતી નથી.[૫] ત્યારે કેશવ નાયક આખા

નાટકનો મર્મ એક જ વાકયમાં સમજાવતાં કહે છે,

નાયક: મૂક મૂક તારા સંતાડેલા ચશ્માં, લાજુ લાડી! ભલાભાઈ, આ તો અંતરની આંખે દેખવાનું છે; અંતરની આંખે.. એ જ તો છે, ભલાભાઈ, આપડા વેશની ખૂબી - ને નાટક માતરની ખૂબી. કઉં છું ને કે આ- આ આસો મહિનાની ભરીભરી રાત છે ને ભાદરણનો સરસ મજાનો ચોરો છે -

ને એ સાથે પેલો છોકરો પણ," છે? હાં'લ્યા કઈંક છે.." એમ કહેતો નાયક સાથે જોડાઈ જઈ મેઈક બિલીવની સૃષ્ટિ ઊભી કરવામાં સહભાગી બને છે. "એક નવતર વેશ કરવાનો છે" એમ કહી નાયક, નેપથ્યમાં જોઈ, " અલ્યા દેસઈ સાયેબ, મોટા, થવા દો જાહેરાત, ભૂંગળામાં " એવો સાદ પાડે છે ને નાટકનું નામ, દિગ્દર્શક, લેખક, નટ- નટીઓ, નેપથ્ય કલાકાર, સંસ્થા વગેરેની રાબેતા મુજબ જાહેરાત થાય છે. નાટકની આ પ્રકારની રજૂઆતથી પ્રેક્ષકો, પોતે જે કંઈ નિહાળી રહ્યા છે તે નાટક છે એવી સભાનતા કેળવવા માંડે છે.

જાહેરાતમાં 'મકનજી'ની ભૂમિકા પેલો છોકરો ભજવશે એવું કહેવામાં આવે છે. આ સાંભળીને ચમકી ઊઠેલો છોકરો નાયકને કહે છે,

છોકરો: હોય નહીં! મારું નામ આયું ને મને હજી કંઈ પલોટ, ડાયલોગ, મૂવમેન્ટની ખબર નથી- ભલા'દમી નાયક -

ત્યારે નાયક પેલા છોકરાને માણસ બાબતના આ સાવ સાદા નાટકમાં મકનજી મૂળસંગ સત્તાણીનો - એક નકરા, સાદા, અમથિકાના, ફક્ત

માણસનો રોલ કરવા સમજાવી નાટક શરૂ થયાની જાહેરાત કરતો હોય તેમ કહે છે,

નાયક: .. તો નામ છે મકનજી મૂળસંગ સત્તાણી. હવે હું જઉં. સાયેબ લોક બેઠું છે ક્યારનું રાહુ જોતું. નાટક હવે ચાલુ. માંડો ભજવવા –

છોકરો: ભજવવા ? અલ્યા ગાંડાભઈ ?! મને તો કંઈ ખબર નથી. પલોટ - ડાયલોગ -

નાયક છોકરાનો ઉધડો લેતાં કહે છે,

નાયક: મકનજી મૂળચંદ સત્તાણીની વાત - ને તું એક માણસ, તોય તને ખબર નથી? એ કેમ બને, લ્યા? સાંભળ, એમની બાબત થોડું, ને ભેગોભેગો માંડ ભજવવા - મરદ! સાંભળ

એમ કહી પેલા છોકરાને અને એ બહાને પ્રેક્ષકોને મકનજીનો પરિચય આપતાં નાયક બોલે છે,

નાયક: તું પૂછે છે કે મકનજી તે કેવા ને કોણ ? અલ્યા! મકનજી એટલે મકનજી! એ કોઈના જેવા નહીં, એ પોતાના જેવા, ને એટલે જ બધાના જેવા! મકનજી કેવા હતા, કેવા છે ને કેવા થશે તે જાણવું છે? તો સાંભળ, આવા હતા, આવા છે, ને આવા થશે, આ અનોખા આપણા મકનલાલ! સાંભળ! એયને જાણે આસો મહિનાની આવી જ એક રાત હોય - એલા ગાવા લાગો!

સમૂહ: આસો મહિનાની રાત હોય! હેય હેય!
નાયક/સમૂહ: ને આમ કોઈ ખાસ વાત ના હોય
નાયક: ને તો પણ, મારા મેરબાન, જે મસ્તીમાં આવી જાય ને ?
છોકરો: એનું નામ મકનજી?
સમૂહ: હાં રાજા! એનું નામ મકનજીઈઈ, એનું નામ મકનજી!

એમ સમૂહમાં 'મકનજી'નું આવણું ગવાય છે અને પેલો છોકરો 'આવણા'માં આવતા શબ્દો પ્રમાણે અભિનય કરતો કરતો પ્રેક્ષકો સામે ભવાઈ શૈલીમાં નાચે છે. તે પછી રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ છોકરો મસ્તીમાં શહેનશાહની જેમ બેઠો હોય છે, ત્યાં જ સમૂહમાંથી બે ગાનાર જમણી તરફ અંદર ગયા હોય છે, એ હવે 'શેઠ' અને 'ભૈયો' બનીને બહાર આવે છે. તે પહેલાં મકનજીના 'ઘરમાંથી' પોટલાં' મકનજી ઉપર પડે, આસપાસ પડે એમ ફેંકાવા લાગે છે. હજી 'મકનજી'ના પાઠમાં નહીં પ્રવેશેલો છોકરો નાયકને પૂછે છે.

છોકરો: નાયક! આ શું બખડજંતર છે?
નાયક: (ઠંડે કલેજે) મકનજી! એનું નામ જિંદગી.
છોકરો: અરે શેનું નામ જિંદગી?
નાયક: એનું નામ, જે અણધારી થઈ જાય ચાલુ ને અણધારી થઈ જાય બંધ. ન પડે એના પગલાં, ન રહે એની ગંધ. મકનજી! નાટક તો ચાલુ થઈ ગયું છે, હવે ભજવાય તેવું ભજવો, પડે તેવા દો ને આવે તે ભોગવો, બીજું શું?
છોકરો: અરે નાયક (પોટલું) અરે ભલાદમી? આ-આ-આ (જાણે નાના દાગીના) આવું તો તમે કંઇ નહોતું કહ્યું -

નાયક : મેરબાન! એક નકરા આદમીની નકરી જિંદગીમાં આવું બને જ છે, આજે આપડા મલકમાં, આપણી ચોપાસ, એમાં નથી કેવાનું શું? મતે મેતા નથી. ચાલો, ચાલો - ભજવો તમારો મેન રોલ- મકનજી!

છોકરો : મકનજી? - એટલે હું?

કોઈ કશું બોલતું નથી. 'આસો મહિનાની રાત હોય' એ ગીતની સુરાવલી હવામાં ફરી વળે છે. નાયક ને સમૂહ એક તરફ મોજથી બેઠા બેઠા નાટક જુએ છે, સંગીત આપે છે. ત્યાં જ અંદરથી હુકમચંદ શેઠ બહાર પડે છે. મકનજીના દાદા દલપતસીએ હુકમચંદ શેઠના દાદા પાસેથી વ્યાજે લઈને, મકનજી હાલ જ્યાં રહે છે તે ખોરડું ચણાવ્યું હતું. ત્રણ પેઢી થઈ ગઈ છતાં તેનું વ્યાજ ભરવામાં ન આવ્યું હોવાથી હુકમચંદ બરાડે છે.

હુકમચંદ : કેમ લ્યા, મકન! ક્યાં સંતાયો'તો? આજે તને નહીં છોડું (અંદર જોઈને) બહાર કાઢો એકએકને, ફેંકો શેરીમાં ગાદલાંગોદડાં ને વાસણકૂસણ બધું! - સાલું બે વરસથી વ્યાજે નથી ભર્યું, એક પઈનું, મુદ્દલની ક્યાં માંડું?

નાટક શરૂ થઈ ચૂક્યું છે. બીજાં પાત્રો પોતાની ભૂમિકા બરાબર ભજવી રહ્યાં છે પણ પેલો છોકરો હજુ પાત્રમાં પ્રવેશ્યો નથી એટલે તે નાયકને શોધે છે ને 'આ શું બખેડો મને બઝાડ્યો છે?' એવું બબડે છે. ને ત્યાં નાટ્યકાર હુકમચંદ શેઠના મુખે મકનજીના મિત્ર 'અમથાલાલ'નો નાટકમાં પહેલી વાર ઉલ્લેખ કરાવે છે.

હુકમચંદ : (ગઈ વખતે) કોઈને મોટો ભાઈ કે ભાઈબંધ બનાવીને

છટકેલો - કોણ પેલો ? અમથાભાઈ સોદાગર, કેમ? સુંદરગઢના
નગરશેઠ, કેમ ? બનાવી ગયો'તો મને - તું, ફોગટની હૂંડી
આપીને, તું ને તારી હૂંડી, હરામી ! ક્યાં ગયો'તો તારો ભાઈબંધ?

કૃષ્ણ-સુદામા સમી અમથાલાલ-મકનજીની મૈત્રીની કથાના બીજ અહીં રોપાવા માંડે છે. મધ્યકાળના સુદામાની જેમ અર્વાચીન યુગનો આ મકનજી પણ એક સાવ સીધો, ભોળોભટાક, અમથિકાનો માણસ છે. દ્વારકાધીશ કૃષ્ણની જેમ તેનો મનનો માનેલો મિત્ર, સુંદરગઢનો નગરશેઠ, અમથાલાલ શાહ સૌદાગર છે.

પાત્રમાં નહીં પ્રવેશેલો છોકરો પહેલાં પ્રેક્ષકોને ને પછી હુકમચંદ શેઠને પૂછે છે," હું ? ને હૂંડી ! ? હૂંડી ને હું ? ". ત્યાં એક છોડી રોતી રોતી બહાર આવે છે. મકનજીને 'બાપા' કહીને બાઝે છે. પેલો છોકરો, પ્રેક્ષકો તરફ જોઇ "બાપા?! ઓ બાપલિયા!" એવી બૂમો પાડે છે ને પછી સ્વગત બબડે છે," કહે છે ટ્રબલ નેવર કમ્સ શીંગલી, 'લ્યા! છોડી, અંદર કેટલાં રડે છે, હજી? "

" અંદર બા એકલી રડે છે; મંગુ, સુનિતા, સુરેશ, બાબલો ને બેબલી હેતી માસીને ઘેર ગયાં છે" એવું છોકરી જણાવે છે એટલે મકનજીના પાત્રથી હજુ અળગો રહેલો છોકરો ટીખળ કરતાં પ્રેક્ષકોને કહે છે,"કુલ છ? લ્યા, અંઈ કણે ઈમરજન્સી આથી જ નથી લાગતી ? " ભવાઈનો નટ જેમ સ્વયંસ્ફુરિત સંવાદ તત્કાળ જોડી કાઢે છે તેમ અહીં પણ મકનજી બનતો નટ તત્ક્ષણ સંવાદ જોડી કાઢે છે.

છોકરી એના ખમીસની બાંય ખેંચે છે એટલે છોકરો તાડૂકે છે," શું છે

'લ્યા, છોડી-તને?" પણ પછી યાદ આવતાં 'પાત્રના' હેતથી કહે છે," હા, બેટી, બોલો." હવે છોકરો મકનજીના પાત્રમાં પ્રવેશવાની શરૂઆત કરે છે. પ્રેક્ષકો આગળ જ નટનું પાત્રમાં રૂપાંતર થવા માંડે છે. રિઆલિસ્ટીક નાટકમાં તો નટ પડદો ઉપડતાં પહેલાં નેપથ્યમાં પાત્રનું રૂપ ધારણ કરી, પડદો ઉપડે કે તરત પાત્ર બનીને પ્રેક્ષકો સમક્ષ ઉપસ્થિત થાય છે. નટ તરીકેનું તેનું વ્યક્તિત્વ પ્રચ્છન્ન રહે છે. એનાથી વિપરીત અહીં પ્રેક્ષકોની સામે જ પેલો છોકરો ધીરે ધીરે મકનજી બનતો જાય છે. પરંપરાશીલ નાટ્યની આ વિશેષતા નાટ્યકારે અહીં ખૂબીપૂર્વક કામે લગાડી છે.

" તારી માને બોલાવ" એમ કહી હળવેથી દીકરીને તે અંદર મોકલે છે ને હજી પાત્રમાં પૂરેપૂરો નહીં પ્રવેશેલો પેલો છોકરો પ્રેક્ષકોને કહે છે,

મકનજી : (પ્રેક્ષકોને): કેવી મીઠડી છે, દીકરી મારી. (એ જતે) લ્યા, સાયેબો, હું તો સાલું, ફસાવા માંડ્યો હોં, આ દુનિયામાં ભઈ આ મકના ચેત! પણ જોઈએ કે આપડી 'વઉ' કેવી છે? હું? કોઈ ફૂટડી, રૂપાળી, તીખી, મીઠી, મલાઈ જેવી જુવતી કાસ્ટમાં હશે ને, મારી વઉ તરીકે, તો એં, જે જે આપડુ એક્ટીંગ, એં - એકદમ રિયાલિસ્ટિક! સું-? (અંદર જોઈ)

વૃંદ : રિયાલિસ્ટિક

નટ બોલે અને વૃંદ ઝીલે એ પરંપરાશીલ નાટ્યની વિશેષતા પણ નાટ્યકારે અહીં પ્રયોજી છે.

વહુના પ્રવેશ પછી પણ મકનજી હજુ પાત્રમાં આધા બહાર ને આધા અંદર રહે છે. " આટલા મોટા ઘરની લાજ લૂંટાય છે. આ મૂવા ઘર ફેંદે છે, ને છે તમને કંઈ? અંબા!" એવું તેની વહુ કહે છે ત્યારે અડધો પડધો મકનજી બનેલો પેલો છોકરો જૂની રંગભૂમિની અદાથી નાટકની રીતે બોલતાં કહે છે,

મકનજી: અરે છે ને? સતી, સત્યનો સદા જય થાય છે, પણ તે માટે સંઘર્ષ કરવો પડે. આવ, સતી, આ ખલનાયકનો પરાજય કરવા આપણે બે ખભેખભા મિલાવીને - સંઘર્ષ કરીએ. આવ, સતી... હાથમાં હાથ રાખી આ આફતને (શેઠ તરફ આંગળી કરી) હરાવીએ, સુંદરી!

મકનજીને આ રીતે નાટકિયાવેડા કરતો જોઈ શેઠ તાડૂકે છે,

શેઠ: હરામજાદા! પાછો મને બનાવવાનું નાટક ના માંડ. આ ફેરી તને છોડીશ નહીં.

એ પછી શેઠ, તેના બાપા મૂળસંગને અને દાદા દલપતસીને પણ હરામજાદો કહે છે. આ સાંભળી મકનજી કહે છે,

મકનજી: દલપતસી શેનો હરામજાદો એ તો એ તો...

એમ કહી સંવાદ માટે ફાંફા મારતો મકનજી બનતો નટ, વહુની ભૂમિકા ભજવતી નટીને પૂછે છે, " એ તો? ".. વહુની ભૂમિકામાં ઓતપ્રોત થઈ ગયેલી નટી કહે છે, " ભગવાનનું માણસ હતા, મોટા બાપુ તો.."

આ સાંભળી મકનજી શેઠને કહે છે, "સાંભળ્યું?" શેઠ તરત રોકડું પરખાવે છે.

શેઠ: અરે શેના ભગવાનના? - મારા દાદા સોભાગમલ પાસેથી તો વ્યાજે લઈને આ ખોરડુ તમારું ચણાવ્યું'તું! - હજી વ્યાજે નથી ભર્યું, ત્રણ પેઢી છતાં.

મકનજી: વ્યાજ? વ્યાજખાઉ, ચોપડો બતાવો, તમારા વ્યાજ ઉધાર રહે જ કેમ, ત્રણ પેઢીથી?

શેઠ: મારા ચોપડા જોવા છે, હરામી? ગયે વરસે તો કોરટમાં તારા ધજાગરા ઊડયા'તા મારા ચોપડામાંથી. પછી હૂંડીને નામે બનાવી ગયો'તો.

વળી પાછો પેલો છોકરો મકનજીના પાત્રમાંથી બહાર નીકળી પૂછે છે, "ફરી હૂંડી? કઈ હૂંડી?" ને પાછો મકનજીની અદાથી શેઠને કહે છે, "ગયા વરસની વાત ગયા વરસે. આ વરસે કંઈ ન્યાયી વાત કરો, કંઈ ઉકેલ લાવશું." પોતે મકનજીનો સંવાદ બરાબર બોલ્યો છે તેનું અનુમોદન મેળવવા પૂછતો હોય તેમ અંદર જોઈને નાયકને પૂછે છે, "કેમ નાયક?" કોઈ સાંભળતું બોલતું નથી એટલે મોટેથી પૂછે છે, "કેમ લ્યા કેશવા નાયક?

શેઠનો પાઠ ભજવતો નટ તો પૂરેપૂરો પાત્રમય છે. એટલે એ પૂછે છે,

શેઠ: કોને બોલાવે છે, ત્યાં? ત્યાં કોઈ નથી. નાટક શેનો કરે છે?

મકનજી : શું ?

શેઠ : આ નવું નાટક, તારું આ વરસે, કેમ? જૂઠા! તારી એક નહીં માનું હવે, આ વરસે તો ઘર બહાર તગેડીશ.

મકનજી: તે તો છીએ જ. જુઓ શેઠિયા! કંઇ તોડ કાઢો. આપણો સંબંધ જૂનો છે

ને શબ્દો માટે ફાંફા મારતો હોય તેમ અધ્ધર જુએ છે. વઉ કહે છે, "ત્રણ પેઢીનો" ને મકનજી પોતાનો સંવાદ આગળ ચલાવતાં કહે છે,

મકનજી : (વઉને) હા હા મોટાબાપુના ટેમનો! (શેઠને) કંઇ નિવેડો લાવો, આ ત્રીજી પેઢીએ!

અને ભવાઈના નટની જેમ ટીખળ ભેંડી કાઢતાં વઉને ઉદ્દેશીને કહે છે, " હવે તો ચોથીયે ચાલુ થઈ ગઈ છે, જરા જરા, નહીં." શેઠ, તોડ કાઢવો હોય તો પૈસા ચૂકતે કરવાનું કહે છે. પણ પછી વઉ તરફ ધ્યાન જતાં શેઠની દાનત બગડે છે ને દાવ બદલતાં કહે છે,

શેઠ: જુઓ મકનજી, તારી ભૂલ માફ. તું તો મારા નાના ભાઈ જેવો ગણાય.. સુખે રહો તમે, તું, છોકરાં, ભાભી, આ ઘરમાં..મારી એક જ શરત, બસ! ફક્ત એક નાની શરત.

મકનજી ફક્ત ઈશારાથી પૂછે છે, 'કઈ શરત?' ને શેઠ મકનજીને ઉપર તળે કરી નાંખે એવી શરત મૂકતાં કહે છે,

શેઠ: ઘરના તાળાની ચાવી એક તારી પાસે રહે ને એક મારી પાસે.

ભાભીને વાંધો ના હોય તો, વ્યાજ માફ. પણ આ મુદ્દલ મને
મળતું રે, હપ્તે હપ્તે!

મકનજી અચાનક સમજે છે ને ત્રાડ પાડીને કહે છે, " હરામખોર!
લફંગા... પાપી. "

શેઠ અને લૈયો પાછા ગાયકસમૂહમાં બેસી જાય છે. હવે પેલો
છોકરો મકનજીના પાઠમાં પૂરેપૂરો આવી ગયો છે. તખ્તાની એક
તરફ છે નાયક અને તેનું ગાયકવૃન્દ તથા બીજી તરફ છે, અસહાય
મકનજી, વહુ- છોકરાં ને વેરણછેરણ સામાન. ઘર પાસે આવે છે. બારણે
તાળું. મકનજી ચોતરફ જુએ છે. વિચારે છે, મૂંઝાય છે. સમૂહ અને નાયક
મકનજીનું નવું ગીત ઉપાડે છે,

નાયક: મકનજી! એક જ કૂંચી તારી,
મકનજી, બીજી કોઈ બળિયાને હાથ,
એમ જ ચાલે છે દુનિયા, હે જી! મકનજી!

અને આમ 'હૈયાની એક ધડક,' 'ચાલવાની એક ઠેસ', 'આયખાની
એક ઘડી'ની માલિકીનો નિર્દેશ, તર્કપરમ્પરાથી, થાય છે. મકનજીની વહુ
પોતાનો વલોપાત ઠાલવતાં કહે છે,

વહુ: પણ હમણાં અત્યારે જઈશું ક્યાં, મારી મા? આ આખી શેરી
ક્યારની પોતપોતાના બારણા પાછળથી ડોકાય છે, તમાશો જુએ છે.
કોઈ બે ઘડી જંપવાયે નથી દેતું.

મકનજી: એ તો શેઠની બીકે - ને આપણે ક્યાંક બે ઘડીની
બારઘડી હસી પડશું એ બીજ ડરથી. માણસનો
સભાવ છે.

ને પછી 'સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં' એ મધ્યકાલીન આસ્થાનો જાણે પડઘો પાડતો હોય તેમ સાંત્વના આપતાં કહે છે," આ તો સુખદુઃખ છે, મનમાં ના આણીએ."

બાળિયાના હાથેથી છૂટવા વહુ મમરો મૂકે છે,

વહુ: તમને વાંધો ના હોય તો - તમારા દોસ્તાર અમથાભાઈને ત્યાં
થોડા દિવસ જઈએ તો?

ને અહીંથી કૃષ્ણ-સુદામાના પુરાકલ્પનની માવજત શરૂ થઈ જાય છે.

કૃષ્ણ-સુદામાની મૈત્રી મધ્યકાળમાં અનેક કવિઓની કલમે કાવ્યરૂપ પામી છે. નરસિંહ, પ્રેમાનંદ જેવા મોટા ગજના કવિઓથી માંડી સુંદર, મોતીરામ, સોમ, ભીમ, ભાલણ, જગન્નાથ જેવા મધ્યમ કોટિના કવિઓએ કૃષ્ણની મિત્રવત્સલતા - ભક્ત વત્સલતા દર્શાવતાં મૈત્રીકાવ્યો - ભક્તિ કાવ્યો આપ્યાં છે. કૃષ્ણ - સુદામાના આ કથાનકનો સ્રોત ભાગવતના દશમસ્કંધના ૮૦-૮૧મા અધ્યાયમાં છે. જો કે ભાગવતમાં શુકદેવના મુખે આરંભે સુદામાનો કોઈ બ્રાહ્મણ તરીકે અને એ પછી સર્વત્ર 'કુચૈલ' તરીકે ઉલ્લેખ મળે છે, પણ ક્યાંય 'સુદામા' એવો નામનિર્દેશ મળતો નથી. ત્યાં કૃષ્ણના ગરીબ બ્રાહ્મણ બાળમિત્ર તરીકે એમની ઓળખ અપાય છે. આ દરિદ્ર ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણની પત્ની

ધ્રુજતાં, સંકોચાતાં, પતિને ભગવાન કૃષ્ણની મૈત્રીનું સ્મરણ કરાવે છે અને કંઈક મેળવવાની - પામવાની આશાએ ભગવાન કૃષ્ણ પાસે જવા એમને વીનવે છે.[૬] ભક્તકવિ નરસિંહ મહેતાએ પોતાના આરાધ્ય--દેવ કૃષ્ણ અને સુદામાની મૈત્રીને ઝૂલણા છંદમાં, નવ પદોમાં અંજલિ આપી છે. પ્રથમ પદમાં સુદામાપત્નીની ઉક્તિ છે. સુદામાપત્ની પોતાના કુટુંબની આર્થિક દૃષ્ટિએ કરુણ સ્થિતિ માટે પોતાના કર્મને દોષ દેતી પોતાના પતિને વીનવતી કહે છે, " જદુપતિ નામ તે મિત્ર છે તમ તણા જઓ વેગે કરી કૃષ્ણ પાસે; પ્રીત પૂરવ તણી, હેત ધરશે હરિ, મનના મનોરથ સફળ થાશે".[૭] પ્રેમાનંદ કૃત 'સુદામાચરિત'માં સુદામાપત્ની અપવાસી બાળકોનાં દુ:ખને નિમિત્ત બનાવી, ઘરની અવદશાનો ચિતાર આપી, પતિને પ્રભુ ભણી જવા વીનવે છે,

છેલ્લી વિનતિ દાસી તણી, પ્રભુ, પધારો ભૂધર ભણી;
તે ચૌદ લોકનો છે મહારાજ, બ્રાહ્મણને ભાખતાં શી લાજ [૮]

અહીં તો મકનજીની વહુ શેઠે સહુને ઘરના બહાર તગેડી મૂક્યા તેથી કરીને પાંચ છોકરાંઓને મોસાળ મોકલી અને છઠ્ઠું પોતાની કને રાખી પોતે, છોકરી સવિતા અને મકનજી એમ ત્રણે જણા, દોસ્ત અમથાલાલને ત્યાં જઈએ એવો પ્રસ્તાવ મૂકે છે. એટલે મકનજી છોભીલો પડી જઈને કહે છે,

મકનજી: ના-ના-પણ, વળી અમથાભાઈ તો રહ્યા ફરતા રામ,
એય ને આજ અમદાવાદ, કાલ કલકત્તા, પરમદાડે
પેરિસ - વળી પાછા એકલરામ.. આપડે જઈએ ને એ
ઘરમાં હોય નહીં, ને ચોકીદાર ક્યાંથી ઓળખે આપણને?

આ સાંભળી વહુ એકદમ છેડાઈ પડે છે. તેને મકનજીએ કહેલી બધી વાતો બાનાં લાગે છે. અમથાભાઈ એ મકનજીના ભેજાએ ઉપજાવી કાઢેલી નકરી ગપ લાગે છે. ને ત્યાં "ગપ છે, ગપ છે, ગપ છે, ગપ છે/ અમને આપો ટાઢક, આ તો નવી તડપ છે" ગીત આરંભાય છે જેમાં 'માણસ નામની મુશ્કેલી ને ઉપરથી વળગી પ્રભુના નામની લપ છે' કે 'ક્યાં છે શ્વાસમાં ગરમી? અહીં તો ટાઢું ટપ છે'/ દિવસે દાઝે દૃશ્યોથી! આંખો પર રાતે આ સપનાનો કૈં કેવો કડપ છે' / 'ક્યાં છે પાણી? તરસ્યાને આ ખાલી ખોબલાનો ક્યાં ખપ છે' જેવી પંક્તિઓ દ્વારા નાટ્યકારે અમથાલાલના ઘરે જવાની વાતથી આરંભાયેલા કૃષ્ણ-સુદામાના મધ્યકાલીન કલ્પન અને અર્વાચીન સંવેદનને સામસામાં ગોઠવી આપ્યાં છે.

ગીત પૂરું થયે મકનજી તાડૂકે છે.

મકનજી: હૈં? મન ફાવે એમ બકે છે? ચૂપ કર. ચાલ, ઉઠાવ પોટલાં. મૂક. બે મારે માથે, બે તારે માથે. એક પકડાવ સવિતાને ચાલો.. મારી પાછળ ચાલો

અને ત્રણે જણા તખ્તાની બહાર જાય છે.
હવે માત્ર સમૂહ અને નાયક પર અજવાળું છે.
પ્રેક્ષકની મનની વાતનો પડઘો પાડતા હોય તેમ નાયક પ્રશ્ન પૂછે છે, "ને મકનજી અમથાભાઈને ત્યાં ગયા?" ને પછી પોતે જ તેનો જવાબ આપતાં કહે છે," અરે! રામ રામ કરો! એ તો-" પાંચ દિવસ ઠોકરો ખાધા પછી અને બે ત્રણ મોટા સગાંના ઘરમાં રહ્યા પછી મકનજી ક્યાં ગયા એનો ચિતાર આપતાં માણભટ્ટની અદાથી આખ્યાન

શૈલીમાં લલકારે છે,

નાયક : પણ પછી તો ત્યાંથી યે પરવાર્યાજી, મકનાજીએ છાનાં આંસુ સાર્યાજી.
છેવટે એક જીર્ણ ધરમશાળાના ભાંગલા ઓટલા ઉપર,
મકનજી સકુટુંબ સપરિવાર પધાર્યાજી.

એ સાથે પાછળ અજવાળું થતાં, ઓટલા પર મકનજીનો ઘરસંસાર નજરે પડે છે. અમથાની વાતને 'વઉ' સ્વીકારતી નથી ત્યારે મકનજી કહે છે કે,

મકનજી : ના ના, સાચેસાચ મારા ભાઈબંધ છે હોં, અમથાભાઈ
મોટા માણસ છે, બઉ મોટા માણસ, જે કે અમે એકડિયાથી
મેટ્રીક હારે ભણેલા હોં, મારો બચપણનો દોસ્ત, સાચેસાચો,
અમથાભાઇ!

નાટકમાં આવનાર કૃષ્ણ-સુદામાના પુરાકલ્પનની ભૂમિકા અહીંથી આકાર લેવા માંડે છે. કૃષ્ણ-સુદામા જેમ સાંદીપની ઋષિને ત્યાં સાથે ભણેલા તેમ અમથાલાલ અને મકનજી એકડિયાથી મેટ્રિક સુધી સાથે ભણ્યા છે. મકનજી કહે છે કે, "જઈને માગું તો અમથાલાઈ અબઘડી આપડું ઘર પાછું અપાવે" પણ મકનજીને તો સુદામાની જેમ પોતાનું સ્વમાન નડે છે. 'સુદામાચરિત્ર'ના ત્રીજા કડવામાં પ્રેમાનંદ કહે છે,

સુદામો કહે, વિપ્રને નથી માગતાં પ્રતિવાય,
પણ મિત્ર આગળ મામ મૂકી જાચતાં જીવ જાય.
મામ ન મૂકીએ રે. ૧૦

'આમ (કદી) ન મૂકીએ' એ સ્વમાનનું નીતિવાક્ય સુદામો પોતાની પત્ની આગળ રજૂ કરે છે તેમ મકનજી પણ પોતાની પત્નીને જાણે એ જ વાત દોહરાવતાં હોય તેમ કહે છે.

મકનજી: પણ એમાં આપડી શી શોભા? હાથ પસારીને અમથાભાઈને ત્યાંયે જવામાં?

વહુ: આમાં શોભા છે? - આમ શેરી વચ્ચે પડયા રેવામાં?

મકનજી: અરે કેવો ફર્સ્ટકલાસ ઓટલો છે, ઉપર આ સરસ ઘટાદાર વડ, ને રોજી મળે છે મને રોજ ત્રણ રૂપિયાની, મહેનતની. હવે અમથાભાઈની શી જરૂર?

વહુ: હાય, હાય, ગરાસિયા કુટુંબના મોભીને હમાલી કરવી પડે છે, આ તો!

મકનજી: તેમાં શરમ શેની? - થોડા દિવસમાં તો સાત- આઠ રૂપિયાની રોજી થઈ જશે, જરા ટેકનિક આવડી ગઈ એટલે. ને, એ તુ જ કહે... માગવામાં, ભલા ભગવાન પાસે યે માગવામાં, માણસની શોભા શી?

આ સાંભળી વહુ તાડૂકે છે, 'કશી શોભા નહીં' ને પછી બજારમાંથી સાંજના જમણ માટે ચોખા, લોટ, દાળ અને ઘઉં લઈ આવવાનું કહે છે. આકળી થયેલી વહુને, મકનજી, "પોસ્ટ ઑફિસમાં હજી આપડા થોડા પૈસા છે, મારા ભઇ. કંઇ ને કંઈ થઇ રે'શે થોડા દા'ડામાં" એમ કહી આશ્વાસન આપે છે. મકનજીના આ જુઠ્ઠા આશ્વાસનથી ભાંગી પડેલી વહુ, "ઓ મારી માં, મારાથી હવે નથી સહેવાતું!" એમ કહી આક્રંદ કરે છે. મકનજી તેને હિંમત રાખી છાના રહેવાનું કહે છે ત્યારે સુદામાપત્નીની જેમ વહુ ધિક્કાર કરી ઊઠે છે.

વઉ: હું તો છાની રહું છું, પણ, ઓ રે, મારી સોડ છાની નથી રહેતી, મારું પેટ છાનું નથા રહેતું, મારું દૂધ છાનું નથા રહેતું. અરે, મને મારાં છોકરાં યાદ આવે છે, ક્યાં પાપ મેં કર્યાં, ક્યા ભવમાં, કઇ ભૂલથી, કે આ ભવમાં આજે મારાં પોચાં રૂ જેવાં પેટ આમ પીંખાય છે, મારાથી આઘાં.

'સુદામાચરિત્ર'માં જેમ સુદામાપત્ની,

> " ભૂખ્યાં બાળક કરે રુદન, નગર માંહે નવ જડતું અન્ન
> ન મળે કંદ, મૂલ કે ફળ; બે દિવસ થયાં લઈ રહે જળ
> સુખ શય્યા, ભૂષણ, પટકૂળ, તે ક્યાંથી? હરિ નથી અનુકૂલ." ૧૧

એમ કહી પોતાનાં બાળકોની દયનીય સ્થિતિ વર્ણવે છે તેમ અહીં "છોકરાં તો મોસાળમાં મઝા કરતાં હશે" એવા મકનજીના ઠાલો દિલાસો આપતા શબ્દો સાંભળી 'વઉ' મોસાળ ગયેલાં સંતાનોને યાદ કરીને આક્રંદ કરતાં કહે છે,

વઉ: મા વગર- તમે તો બાપ. તમે શું જાણો, કેવાં સોરવાતાં હશે. મારી બેબલી! (ધોળીને) મારી બાપડી! મારી ગાય! મારી ચંપાકળી! મારાં ચારે પારેવડાં! અરે રે, ક્યા ભવમાં મેં સાપણ થઈને પંખીઓનાં ઈંડાં ખાધા હશે? અરે દીપડી થઈને હરણાંનાં બચોળિયા હણ્યાં હશે? અરે સમડી થઈને ઊડતા શીખતા હોલાનાં બચ્ચાંને પીંખી નાંખ્યા હશે? અરેરે! મેં શા પાપ કર્યાં હશે - આજ મારાં પેટ પીંખાય છે.

મકનજી બજારમાં લોટ ખરીદવા નીકળે છે ત્યારે દીકરી, લટકણિયાના ખોવાઇ ગયેલા એક મોતી જેવું મોતી લેતા આવવા સૂચવે છે. દીકરીએ આપેલું જોડનું બીજું મોતી હાથની સખત મુઠ્ઠીમાં દબાવી, " કેશવકાકાની દુકાન ખુલ્લી હશે તો જરૂર લેતો આવીશ" એમ કહી બજાર જવા ડગલું માંડે છે ત્યારે વઉ બહુ સૂચક રીતે કહે છે, " જો જો પડી ના જાય રસ્તામાં." અને વઉની એ ટકોરને ઝીલી લઈને મકનજીની મશ્કરી કરતાં સમૂહ, વેપારી વેશમાં ગાય છે,

જો જો ! જો જો, પડી ના જાય.
કોઈને મકનજી! ઢાંકેલું આપનું આંસુ જડી ના જાય!
જો જો ! જો જો! પડી ના જાય.

આ ગીતમાં આવતી 'ઓ રે મકનજી ખારું ખારું ને સાવ કાચું છે આંસુ તમારું. એ તો લોચું ના કોઈથી લોવાય / લીલી દરાખ દસ રૂપિયે કિલો ને એલા આંસુની કિંમત રે શું?' જેવી પંક્તિઓ આધુનિક સંવેદનને વેધકતાથી પ્રગટ કરે છે.

સમૂહમાંથી એક ગવૈયો વેપારી બને છે. માત્ર અભિનયથી, બેઠકની અદાથી, એ વેપારી લાગે છે. ત્રાજવાં, ગાદીવાળી બેઠક, એકાદ ડબ્બાની હરોળથી દુકાનનું સૂચન થાય છે. અહીં પણ પરંપરાશીલ નાટ્યની પ્રયોગશૈલી style of presentationનો નાટ્યકારે વિનિયોગ કર્યો છે. ગવૈયો જ પાછો વેપારી બનીને આવે અને અલ્પતમ સાધનોથી ક્રિયાસ્થળ સૂચવાય એ પરંપરાશીલ નાટ્યની પ્રણાલિ છે.

kalpana's

મકનજીને આવતા ભાળી વેપારી શેઠને લાગે છે કે મકનજી જૂનું દેવું ચૂકવવા આવ્યા છે. પણ મકનજી તો બાકી રહેલા બસ્સો ને સાડત્રીસ રૂપિયા ચૂકતે કરવાની જગ્યાએ થોડીક તુવેરની દાળ, ઘઉંનો લોટ ને થોડાક ઘઉંની માંગણી કરે છે. શેઠ તેની ઠઠ્ઠામશ્કરી કરે છે. આખો ગાનાર સમૂહ મકનજીની આસપાસ ઊભરાય છે. શેઠ જાણે પોતે તુવેરની દાળ, ચોખા ને ઘઉંનો લોટ આપવાના હોય તેમ મશ્કરી કરતાં કહે છે, " કાઢો થેલી મકનજી! છે ને મોટી મારા ભઇ!" મકનજી વ્યાકુળતાથી થેલી ખોલવા જાય છે. ત્યાં એરીંગ નીચે પડી જાય છે. એક જણ ઉઠાવીને એરીંગ શેઠને આપે છે. શેઠ, " વાહ વાહ અસલ રજવાડાનું ઝવેરાત છે, ખાનદાની ઝવેરાત" એમ કહી પોતાની પાસે રાખી લે છે. મકનજી ફોડ પાડતાં કહે છે, " મારી દીકરીનું નકલી ઘરેણું છે, શેઠ, એરીંગ - કાચનું." દરમિયાન સેવકલાલ પડીકાં લઈને આવે છે. જાણે એરીંગના બદલામાં આપતા હોય તેમ શેઠ કહે છે, " લો લો મકનજી મઠીની દાળ છે, દહેરાદૂનના ચોખા..." મકનજી, " શેઠ એરીંગ આપો, દીકરીનું છે રો'શે.. મારે મન એ લાખની ચીજ છે શેઠ, તમારે મન ભલે એ પાઈની હોય - મને પાછી આપો." એમ કહી આજીજીઓ કરતો રહે છે ને શેઠ એરીંગ જમા ખાતે લઈ લે છે. મકનજી વીલે મોંઢે પાછો આવે છે.

દીકરી એરીંગ પાછું માંગે છે. પોતે પેર્યા વગર સૂઈ નહીં જાય એવી જીદ પકડે છે. મકનજી, "બેટા, હજી જોઈએ તેવું નંગ ના મળ્યું, આસમાની-સવારે મળશે. તું સમજ- સૂઈ જા, સમજીને સૂઈ જા દીકરી" એવું આશ્વાસન આપે છે. પણ વઉ હવે પોતાનો ઈરાદો બદલે છે. કોઈના ઓશિયાળા રોટલા ખાવા કરતાં પોતાનો રોટલો જાતે રળવાનું નક્કી કરે છે. 'સુદામાચરિત્ર'માં સુદામાપત્ની, " હું જુગતે જવું કેમ કરી ?

નીચ નારીનો અવતાર." એમ કહી પોતાની અસહાયતા હૃદય-
-દ્રાવક રીતે પ્રગટ કરે છે. પણ અહીં મકનજીની વઉ એવી
આત્મનિર્ભર્સના કરવાની જગ્યાએ નિ:સહાયતાનો ઉકેલ જાતે જ
શોધી લેતાં કહે છે,

વઉ: હા એક તાળું - ને બે ચાવી - મેં નક્કી કરી લીધું છે. હવે
મારાથી નથી સહેવાતું - હું એક ચાવી શેઠ પાસેથી લઈને
મારું ઘર ખોલવાની છું. પછી હું એ ઘરમાં રહીશ - મારી
બેબલી સાથે, મંગૂ ને સવિતા ને સુરેશ ને સુનીતા ને
બેબલીની સાથે - પછી કોઇ નહીં રડે, પછી કોઇ મોસાળ
નહીં જાય, પછી કોઇ નહીં રડે, પછી કોઈ નહીં રડે... એક
ચાવી લઈને, હું રહીશ, ઓ મારી મારી મા..

ઘરના હાલબેહાલ જોઇ બે ચાવીવાળા ઘરમાં રહેવાનું તે નક્કી
કરી લે છે. દીકરી ચોંકી ઝબકી જાગે છે. અર્ધનિદ્રામાં બબડે છે,

દીકરી: નંઈ સૂઉં. મને બઉ ઊંઘ આવે છે, બઉ ભૂખ લાગી છે.
મને ઊંઘ નથી આવતી. એરીંગ! બા કેમ રડે છે, બાપુ?
બાપુ એરીંગ હમણાં કેમ ના મળે? બાપુ, બા કેમ રડે
છે? એરીંગ હમણાં કેમ ના મળે? બાપુ, હમણાં કેમ
ના મળે? કેમ ના મળે, હમણાં?

આ સાંભળી મકનજી છલાંગ મારીને તખ્તાની વચ્ચોવચ્ચ ઊભો
રહી ચિત્કાર કરી ઊઠે છે,

kalpana's

મકનજી : (ચિત્કારથી) હા.. હા... હા.. અમથાભાઈ, મારો પણ એ જ સવાલ છે, અમથાભાઈ, હું પણ એ જ પૂછું છું, અમથાભાઈ, કે હમણાં જ કેમ ના મળે, મારી દીકરીને એક ફૂટલા કાચનું એરીંગ હમણાં જ કેમ ના મળે, મારી વહુને એના દીકરાંની ભૂખ ભાંગવા એક સૂકો રોટલો, હમણાં જ કેમ ના મળે, અમથાભાઈ, બોલો, બોલો, બોલો, અમને જરાક અમથું જીવવા માટે એક સાદી, નકરી, અમથિકાનીયે જિંદગીનો એક સાચો ટુકડોયે, હમણાં જ કેમ ના મળે? અરે ક્યારેય કેમ ના મળે? સાચી જિંદગીનો એક નાનકડો ટુકડોયે, ક્યારેય કેમ ના મળે? બોલો, બોલો, બોલો અમથાભાઈ, કેમ ચૂપ છો? અમથાભાઈ જાળવજે હવે - હું આવું છું, હું આવું છું. તમારી પાસે, ઝાઝી ધન દોલત માંગવા, મારી ખાલી ઝોળી લઈને નહીં, પણ તમારી પાસે ફક્ત એક સાચો જવાબ માંગવા, મારો કારમો સવાલ લઈને આવું છું - (મોટેથી) અમથાભાઈ (એકદમ ધીમેથી) અમથાભાઈ, મારા નાનપણાના દોસ્ત, મારી દીકરીનું ખોવાઈ ગયેલું એક આસમાની મોતી લેવા આવું છું.

આજનો આમ આદમી ઝંખે છે સાચી જિંદગી. એને નથી જોઈતાં ધનદોલત, એશોઆરામ.. એને જોઈએ છે ભૂખ ભાંગવા સૂકો રોટલો ને માથે છત. પણ એટલું ય મેળવવા માટે એને જત ઘસી નાંખવી પડે છે, વલખાં મારવાં પડે છે. આ વેદના, આ આક્રોશ નાટ્યકારે મકનજીના મુખેથી વેધક રીતે ઉપસાવ્યાં છે.

નરસિંહ કે પ્રેમાનંદનો સુદામો એકમાત્ર પ્રભુમિલનના લક્ષ્ય સાથે દ્વારિકા ભણી પ્રયાણ કરે છે. પણ અહીં મકનજી એ મધ્યકાલીન આસ્થાના જાણે લીરેલીરા ઉરાડતો હોય તેમ જગતનિયંતાને પ્રશ્ન કરવા વિદ્રોહી મિજાજ સાથે નીકળી પડે છે.

અતિ દરિદ્ર એવા સુદામા દંપતિને ઝૂંપડામાંથી તેમના સરસામાન સહિત બહાર તગેડે, સુદામાપત્ની સાથે સંબંધ રાખવા બે ચાવીવાળું તાળું રાખવાનો શેઠ પ્રસ્તાવ મૂકે અને પોતાની આવી બેહાલ દશા માટે સુદામો કૃષ્ણ સામે આક્રોશ ઠાલવતો તેને મળવા દોડી જાય એવું આલેખન મધ્યકાળમાં તો ક્યાંથી સંભવે? ઘરના હાલબેહાલ જોઈ મકનજીની વહુ પરિસ્થિતિ સાથે સમાધાન કરી બે ચાવીવાળા ઘરમાં રહેવાનું નક્કી કરી લે અને મકનજી, અમથાભાઈ પાસે સાચો જવાબ માગવા કારમો સવાલ લઈને જવાનો નિર્ણય કરે એ પ્રકારનું આલેખન કૃષ્ણ સુદામાના પુરાકલ્પન દ્વારા અર્વાચીન સંવેદનને વ્યક્ત કરવાની નાટ્યકારની મથામણ છતી થાય છે.

બીજા અંકના પ્રારંભમાં ગવૈયા- બજવૈયા બેઠા છે. બે જુવતીઓ પણ છે. એક મકનજીની વહુ બનેલી એ, બીજી એનાથી નાની. ગવૈયાઓના જૂથમાંના કલાકારો ઊભા થઈ પોતાનું પાત્ર ભજવે અને એ પાત્ર ભજવણીનું કામ પૂરું થતા પાછા ગવૈયા બની તેમની પંગતમાં ગોઠવાઈ જાય એ પ્રકારની પરંપરાશીલ નાટ્યની પ્રયુક્તિ નાટ્યકારે ઠેર ઠેર પ્રયોજી છે.

મકનજીવાળા અમથાભાઈની વાતનું આગળ શું થયું એવો પહેલો

ગવૈયો પ્રશ્ન કરે છે ત્યારે બીજો ગવૈયો ટાપશી પૂરાવતાં કહે છે, " મકનજી જેવા હોય એ જ આમ નીકળી પડે ને ? કંઈ તમ જેવા ડાહ્યાનું એ કામ છે?" ત્યારે નાયક સૂચકપણે જણાવે છે,

નાયક: અલ્યા, ક્યાં બરથું છે આપડામાં ટીપુંયે પેલું દૈવી
દીવાનાપણું કે એયને એક સાંજે એકલું લાગતાં
નીકળી પડીએ કોઈક અમથિકા અમથાભઈની
અમથી અમથબ શોધમાં, હેં!

સુદામાને તો ખબર છે, કૃષ્ણ દૂર દ્વારિકામાં વસે છે અને પોતાની યાત્રા પૂરી થયે એને મળવાનો છે એવી દૃઢ આસ્થા પણ છે. પરંતુ આજના યુગના આ મકનજીએ તો સત્ય કે ઈશ્વરનું પ્રતીક એવા અમથાલાલને હજી શોધવાનો છે. એ ક્યાં વસે છે, એનું ઠામઠેકાણું શું છે એની ય બાપલાને ખબર નથી. એ તો બસ એમ જ નીકળી પડે છે, પોતાના બાળસખાની શોધમાં.. એ રઝળપાટ કરતાં મકનજીની રેવડી કેવી દાણોદાણા થઈ એની વાત કરતાં પહેલાં નાયક, ભવાઈમાં આવતા રિકતાને ઉખાણાં--ની જેમ ગવૈયાને પૂછે છે, " તારી ભાવતી વાનગી કઈ?" અને કહે છે," જવાબ સાચો પડયો તો મકનજીની વાત આગળ ચલાવીશ." અંતે, " ભાવતી વાનગી તે રેવડી" એવો જવાબ મળતાં 'મકનાભઈની રેવડી દોણેદોણ રે' એમ કહી નાયક ગીત ઉપાડે છે,

નાયક: અરે કાચાપાકાં શેરનામા લઈ મકનાજી બહુ રઝળ્યા રે
મળું મળું થ્યા, મળું મળું થ્યા, મળું મળું: પણ ન મળ્યા રે

પહેલો ગાયક આખ્યાન શૈલીનું અનુસંધાન જાળવતાં કહે છે,

પહેલો ગાયક: નેમ તો વૉરચું પ્લેટે પ્લેટે, બારણે કર્યાં ટકોરાજી,
અષાઢ મહિનો આવિયો, તોયે દિવસો નીકળ્યા કોરાજી

ને ત્યાં નાયક, " આ તો માગશર મહિનાનું માવઠું કેવાય,
'લ્યા ચેતજો ! આવો ય ઉરફે સાયેબ આયા ! 'લી છોડીઓ,
ચેતજો !" એવી બૂમ પાડે છે. ભ્રષ્ટ રાજકીય નેતા ઉરફે સાહેબનો
પ્રવેશ થાય છે. ભવાઈ ઢબે ઉરફેનું ગીત (આવણું) ગવાય છે,

નાયક: ઉરફે આયા ચેતજો
બધાં : કથકલી જેવું કરે નમન.
ફોટા જેવું હસતા.
નિશાળિયાથી જ્યાદા ચંચલ.
પાટલીથી પાટલી ખસતા

ઉરફે, કરસન મુખીના વિસ્તારમાં મકનજી સત્તાણી નામનો
કોઈ શખ્સ, શકમંદ હાલતમાં ફરી લોકસંપર્ક સાધી રહ્યો
હોવાની બાતમી આપે છે. ઉરફેને એ કોઈ ચળવળિયો હોવાની
ગંધ આવે છે પણ ઉસમાન હીરાઘસુ ફોડ પાડતાં કહે છે,

ઉસમાન: સાહેબ, એ તો કેતો'તો કે એના બચપણના દોસ્ત
બિરાદર છે, પચીસ વરસથી મુલાકાત નથી થઈ, હવે
તો ભારે સત્તાવાળા છે, ખૂબ રહેમદિલ છે, કેરેક્ટરના
પાક-પવિતર છે, એમનું ચોક્કસ સિરનામું કોઈ નથી,

પણ, કે'તો'તો કે એ તો બરાબર લગનીથી
શોધનારને મળી જ આવે, અચૂક.

ઉસમાનના આ સંવાદમાં પણ કૃષ્ણ-સુદામાના પુરાકલ્પનનું અનુસંધાન જોવા મળે છે.

ઉરફેને મકનજીની વાત ઉપજાવી કાઢેલાં ગપ્પાં લાગે છે પણ આમ આદમી એવા ઉસ્માનને તો એ દિલની વાત લાગે છે. નાયક પણ સૂર પૂરાવતાં કહે છે કે મકનજી એને પણ મળેલો અને એની વાતમાં એને વિશ્વાસ પડ્યો'તો. ઉરફેના મનમાં ઝબકારો થતાં એ બોલી ઊઠે છે,

ઉરફે : એમ? એટલે કે એ મકનજી જે કહે એમાં લોકોને
વિશ્વાસ બેસે છે? સાલો ચમત્કાર, એ તો, આજના
જમાનાનો? માણસ કામ લાગે એવો છે.

એ વિચાર આવતાંની સાથે જ એ પોતાને અમથાલાલ તરીકે જાહેર કરે છે

ઉરફે : કંઈ કારણસર અમો નામ બદલીએ
તો પામવી નહીં નવાઈ, સાંભળો!
આજથી અમારી નવી ઓળખાણ
અમે ઉરફે- અમથાલાલ.
કેં સમજ્યા? અમે ઉરફે- અમથાલાલ.

તે પછી નાટ્યકારે પરંપરાશીલ નાટ્યનું અનુસંધાન જાળવી મકનજીનો અમથાભાઈ માટેનો રઝળપાટ મૂક અભિનય-mime- અને ગીતની સહાય વડે વેધકપણે દર્શાવ્યો છે. ઉરફે એ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. તેને લાગે છે કે નાથમઠી ગામમાં ગરબડ છે. સામા પક્ષવાળાએ ગોરધન, લાલુ ને કાળિયા જેવા જમાનાના ખાધેલા બદમાશો રોક્યા છે ને ફોજદારને પણ ફોડયો છે. આખા નાથ- -મઠીમાં પોતાના તરફથી લોકોને વહેંચવાનો એકેય પૈસો જવા નથી દીધો. નાથમઠીમાં મધરાત પછી ને પરોઢ પહેલાં લોકોને વહેંચવાના ધાબળા, વાસણ, પૈસા ભરેલી ટ્રકો પહોંચાડવા માટે તે મકનજીનો ઉપયોગ કરવાનું નક્કી કરે છે. ફોજદાર ભીમસંગને મકનજીને શોધી કાઢવાનો હુકમ કરી, નાથમઠી ગામના રામજી મંદિરની ધરમશાળામાં પોતે બાલસખા અમથાલાલ તરીકે મકનજીને મળશે એવું એલાન કરે છે. કરસન મુખી, આવા કામ માટે મંદિરનો ઉપયોગ કરવો વાજબી ન લાગતાં, રામજી મંદિરની જગ્યાએ બીજું કોઈ સ્થળ પસંદ કરવાનું સૂચવે છે ત્યારે ખડી ચામડીનો રીઢો રાજકારણી ઉરફે લાક્ષણિકપણે કહે છે,

ઉરફે: ડોહા! જમનામાં કાચબો મૂતરે તો એ પાણી પણ
પવિતર ગણાય-શું? રામજીને ઘેર, બધું માફ

કૃષ્ણ- સુદામાના પુરાકલ્પન પાછળ રહેલી મધ્યકાલીન મનોદશાનો તો નાટ્યકારે સાવ છેદ જ ઉરાડી દીધો છે. આજના સુદામાને તો મળે છે 'કૃષ્ણ' વેષધારી કપટી અને પ્રપંચી રાજકારણી!

ઉરફે, મકનજી પાસે એક ટ્રંક અને બિસ્તરો છે એ જાણી, બરાબર

એના જેવો જ બિસ્તરો ને એ જ વજનની અને એના જેવી જ ટૂંક તૈયાર કરાવી, તેમાં ધોળાધબ કપડાં ભેગાં સો સોની નોટનાં લીલાંછમ બંડલ, મકનજીને વહેમ ના જાય એ રીતે મૂકી દેવાની ઉસ્માનને સૂચના આપે છે. તે પછી ઉરફે, એક ત્રીજું પોટલું પણ તૈયાર કરાવવાનું કહી, તેમાં નીચે સોનાની લગડીઓ અને ઉપર પૌંઆ પાથરવાનું જણાવે છે. એ પછી ઉરફે અને તેના સાગરિતો વચ્ચે ચાલતા સંવાદ, કૃષ્ણ-સુદામાના પુરાકલ્પનને દોહરાવે છે,

કરસન: પૌંઆ, સાયેબ?

ઉરફે: પૌંઆ. (સ્વગત) પણ મકનજીને કહેશે તાંદૂલ. (મુખીને) એક વાત વધારે ભૂલતા નહીં - કચેરીમાં સેફમાં એક હાર રાખ્યો છે, સોનાનો. એયે ભેગો બાંધજો. આ એક મારી સ્પેશિયલ ઈફેક્ટ છે.

ભીમો: વાહ સાયેબ!

ઉરફે: ડોહા, તમારે પૂરેપૂરો ભોળવવાનો છે તમારા ભોળિયા મકનજીને. એમાં જ પૂરી સલામતી છે - મારી, તમારી ને મકનજીની.

કરસન: પણ સાહેબ?

ઉરફે: દલીલ ના કરો. કહેજો એમને કે આ ત્રીજું પોટલું એમના પિયરથી વહુએ મોકલ્યું છે, આંગડિયા સાથે, કહેજો કે ખાસ અમથાભાઇ માટે મોકલ્યું છે - તાંદૂલનું પોટલું. આપતાં પહેલાં કોઇ ઉઘાડે નહીં. કહેજો કે ઘેર અમથાભાઈનો અર્જંટ તાર આવ્યો છે ને નાથમહીનું સરનામું એમાં છે - વહુએ આંગડિયા

જોડે એ યે મોકલ્યો છે. લ્યો. (તાર કાઢીને આપે છે, ભીમાને,) હમણાં જ ટાઈપ કરાવ્યો.

'સુદામાચરિત્ર'માં રુદન કરતી પત્નીની વેદના અને ભૂખ્યાં બાળકોનો ઉચાટ સુદામાના હૃદયને હચમચાવી મૂકે છે અને તે પોતાના મિત્ર કૃષ્ણને મળવા દ્વારિકા જવાનો નિર્ધાર કરે છે. પોતાના બાલસખાને કશીક ભેટ આપવાના આશયથી તેમજ મિત્રના સંતાનો કાકા કહીને નિકટ આવી ખાવાનું માંગે ત્યારે કશુંક આપી શકાય એવા આશયથી કઇંક લઈ જવાનો તે પત્ની આગળ પ્રસ્તાવ મૂકે છે. આ સાંભળી સુદામાપત્ની હરખ પામી, પડોશણ પાસેથી તાંદૂલ લઇ આવે છે. તગતગતા તાંદૂલ જોઈ સુદામા રીઝે છે અને જતનપૂર્વક ઉપરાઉપરી ચીંથરા વીંટીને એ દ્વારિકા જવા વિદાય થાય છે. મૂળ ભાગવતમાં સુદામા કૃષ્ણ માટે પૌંઆ લઈને જાય છે એવો ઉલ્લેખ છે. પ્રેમાનંદે સુદામાને વિશેષ દયનીય, કંગાલ બતાવવા એને તાંદૂલ લઇ જતો બતાવ્યો છે. અહીં ઉર્ફે દ્વારા પૌંઆ/તાંદૂલનો નિર્દેશ અને પત્નીએ અમથાભાઇ માટે તાંદૂલનું પોટલું મોકલાવ્યું છે એ પ્રકારનું કહેણ કૃષ્ણ-સુદામાના પુરાકલ્પનને તાકે છે. તાંદૂલના પોટલાનો ઉપયોગ - ખરા દિલની સાચી આસ્થાનો ઉપયોગ- ભ્રષ્ટ રાજકારણી સોનાની લગડીઓ સંતાડવા કરે એ તે કેવો કારમો કટાક્ષ!

ઉર્ફે, બિસ્તર-ટ્રંકની અદલાબદલી કરીને મકનજીને રવાના કરવાનું સૂચવે છે, સાથે સાથે મકનજી પોતાને અમથાભાઇ તરીકે ઓળખી શકે તે માટે પોતાનો તાર અને આબેહૂબ એવો ફોટો પણ મોકલાવે છે અને ત્યાંથી રવાના થાય છે.

કરસન, " રાખ્ખસ! એક ભોળિયા જીવને પવિતરને આમ છેતરે છે ? " કહી ફીટકાર વરસાવે છે.

નાયક કથાનો તંતુ આગળ વધારતા કહે છે,

નાયક: અરે ફિર તો બતિયાઁ ઐસી બની કે રંગત જમી લાલજી,
દેખો દેખો મકણો માર્યો ગયો કે બચ ગયો બાલે બાલજી!
આ નાથમઠીનું પાદર છે, આ બજ્યા રાતના બારાજી,
આ દશામીઓ તૈયાર છે, સાયેબો, તમે ય થાઓ તૈયારજી!

નાયક દ્વારા કથનપદ્ધતિએ ભાવિ ઘટનાનું આગોતરું સૂચન તેમજ સ્થળ, કાળ અને ક્રિયાનો નિર્દેશ એ પણ પરંપરાશીલ નાટ્યનું સાતત્ય સૂચવે છે.

સાયકલના આગળના કેરિયર પર પેટી, બિસ્તાર મૂકી સ્વસ્થપણે મકનજી ગામના પાદરે આવે છે. કાળુ, ગોરધન, લાલુ તેને આંતરે છે, અને પોટલામાં શું છે તે પૂછે છે ત્યારે મકનજી પોટલામાં તાંદૂલ-પૌંઆ હોવાનું જણાવી 'જીવ આપી દઈશ પણ એ પોટલા નહીં લૂંટાવા દઉં' એવી ધમકી આપે છે. એટલે ગોરધનને પોટલામાં પૌંઆ સિવાય બીજું કંઈક હોવાનો વહેમ જતાં તે પૂછે છે, " શું છે તારી પોટલામાં પૌંઆ સિવાય કે જીવ આપવા તૈયાર થયો છે ? " એ પછી મકનજી અને ગોરધન વચ્ચે થતી વાતચીત કૃષ્ણ-સુદામાના પુરાકલ્પનને આબાદ રીતે દોહરાવે છે.

મકનજી: પૌંઆ છે - જે તે પૌંઆ નથી.
ગોરધન : એટલે ?
મકનજી : મારા મિત્ર અમથાભાઈને આપવાના પૌંઆ છે, એને
કોઈ ના અડકી શકે.
ગોરધન : અમથા - ? 'લ્યા, તમે મકનજી?
મકનજી : હા, તમે કોણ ?
ગોરધન : (લાલુને) 'લ્યા લાલિયા, આ તો પેલા મકનજી -
કાળુ : પેલા ચકમ? ભઈબંધને શોધવા -
ગોરધન : ચક્રમ તારો બાપ. 'લ્યા કાળુ, આ તો ભગવાનનો માણસ છે.
બાપડાને કોઈએ કચ્યું હશે કે એનો ભઈબંધ આપડા ગામમાં છે.
લાલુ : (ઉપરથી) ગોરધન, જીપ.
ગોરધન : જીપ? કાળુ, તૈયાર. માસ્તર, મકનજી, તમે તો કંઈ ફસાયા
નથી ને આ જીપની વાતમાં ?
મકનજી: મને શું પૂછો છો? મારો સમય ના બગાડો, આ બાલીશ
ચોર પોલીસની રમતમાં. મને વાર થાય છે - મારા સખા
રાહ જોતા હશે.

આ સાંભળી " તને રોકે એ આ ગોરધન નંઈ ' એમ કહી ગોરધન,
મકનજીને જવા દે છે.

તે પછીના દ્રશ્યમાં ધર્મશાળામાં ઉરફે સાહેબનો આરામભર્યો ખંડ
નજરે પડે છે. ઉરફે સાહેબ નવાજ વેશમાં, મધ્યકાલીન રીતે ખેસ,
જમો, પહેરણ પહેરીને બેઠા છે. ઉરફે ફોજદાર ભીમાને સૂચના
આપતાં કહે છે,

ઉરફે: ભીમા, તું એ મકનજીને બરાબર ઓળખે છે ને, દીકે?
આવે એટલે ખાતરી કરીને મને ઈશારો કરજે - તારી
ટોપી ઉતારજે, ત્યાં સુધી પેરી રાખ, હરામજાદા!

થોડીવારે મકનજી દાખલ થાય છે. ઉરફે સાહેબ પર નજર પડતાં સ્હેજ થંભી, જરા તાકી રહી, પછી "ઓ મારા ભગવાન! મારા ભેરુ! મારા જીવનના આધાર!" એમ કહી મકનજી દોડે છે. 'સુદામાચરિત્ર'માં જેમ કૃષ્ણ-સુદામા એકબીજાને ભેટે છે તેમ અહીં પણ ઉરફે મકનજી બંને ભેટી પડે છે. 'બેસાડી મિત્ર સજ્જા ઉપર, ઢોળે વાય હરિ ઊભા રહી' એમ ઉરફે પણ મકનજીને હાથ ઝાલી ગાદી પર બેસાડે છે.

સુદામાનો દેહ જોઇ કૃષ્ણ પૂછે છે-

શે દુઃખે તમો દૂબળા? એવી ચંતા કેહી?
ચિત્ત ઉદાસી દેખું છું, મારા બાળ-સનેહી
.....
શરીર પ્રજાળ્યું જોગથી? તેવા દીસે દેહી;
શે દુઃખે દૂબળા થયા, મારા બાળ-સનેહી?
....
કે ભાભી અમારાં વઢકણાં, તે શું તન શોષે? [૧૨]

અહીં પણ ઉરફે સાહેબ, "બેસો બેસો મારા સખા, હ્રદયના ધબકાર, મારી પાસે બેસો!" એમ કહી ગાદી પર બેસાડે છે અને તેનો સૂકલડો દેહ જોઇ પૂછે છે,

ઉરફે: અરેરે, દેહડી કેવી સુકાઈ ગઈ છે! ભાભી અમારી ખાવાનું

kalpana's

ઉરક્રે: નથી આપતી કે પછી દીર્ઘ તપને કારણે આત્માના
સૂરજે દેહની તલાવડીને સૂકવી નાખી છે? કહો મિત્ર!

કૃષ્ણની વાત સાંભળી સુદામો બોલે છે -

છે મોટું દુઃખ વિજોગનું નહીં કૃષ્ણજી પાસે
આજ પ્રભુજી મુજને મળ્યા, દેહ પુષ્ટ જ થાશે [13]

એમ અહીં પણ ઉરક્રેની વાત સાંભળી મકનજી બોલે છે,

મકનજી: મારા બાલસખા! પ્યારા દોસ્ત! એ તો તારા
વિરહને કારણે -

સુદામાએ તાંદુલની પોટલી જંઘા તળે ચાંપી રાખી છે એ જોઈ
કૃષ્ણ કહે છે,

કાંઈ ચતુર ભાભીએ ભેટ મોકલી, કહો સખા, શું લાવ્યા?
ચરણ તળે શું ચાંપી રાખો? મોટું મન કરી કાઢો;
અમો જોગ એ ન હોય તો દૂર થકી દેખાડો
એ દેવતાને દુર્લભ દીસે કહી જાચે જાદવરાય,
જો પવિત્ર સુખડી પ્રેમે આપો, તો ભવની ભાવઠ જાય. [14]

અહીં પણ ઉરક્રે મકનજીને કહે છે,

ઉરક્રે: સખે! ભાભીએ અમારે માટે કઈંક મિષ્ટાન તો મોકલ્યું જ

ઉરફે: હશે - ખંભાતનું હલવાસન, સુરતની ઘારી, મુંબઈનો
આઈસ હલવો, અમદાવાદનો - પણ એ તો ઓગળી ગયા-
શું લાવ્યા છો, સખા?

મકનજી: મારા સ્વજન, હું તો લાવ્યો છું એક નાનકડી ભેટ -
આ મારી અસ્તવ્યસ્ત જિંદગાની!

'સુદામાચરિત્ર'માં સુદામો પોતાની ગરીબાઇ કૃષ્ણથી સંતાડી રાખી પોતાની કંગાલિયત વિષે એક હરફ પણ ઉચ્ચારતો નથી. અહીં, " અમને જરાક અમથું જીવવા માટે એક સાદી, નકરી, અમથિકાનીયે જિંદગીનો એક સાચો ટુકડો યે, હમણાં જ કેમ ના મળે?" એવો પ્રશ્ન કરવા નીકળેલો મકનજી સ્પષ્ટપણે જણાવે છે કે પોતે પોતાની અસ્તવ્યસ્ત જિંદગાની ભેટ તરીકે લાવ્યો છે. છદ્મવેષી કૃષ્ણ, આધુનિક સુદામાનો આ અનપેક્ષિત જવાબ સાંભળી પહેલાં તો 'જ.. જિંદગાની' એમ બોલતો સ્હેજ થોથવાઈ ગય છે પણ પછી જાતને સંભાળીને કહે છે," એથી વધારે મૂલ્યવાન ભેટ બીજી કઇ હોઈ શકે, મિત્ર!" ને પછી દ્વારપાળને ઈશારો કરતાં પૂછે છે, " હોઈ શકે દ્વારપાળ?". દ્વારપાળ બોલી ઊઠે છે, " પૌંઆવાળી પોટલી."

'સુદામાચરિત્ર'માં તાંદુલના કણ હૃદયસરખા ચાંપી વૈકુંઠનાથ (કૃષ્ણ) કહે છે, " સુદામા, મેં આ અવનીમાં લીધા બહુ અવતાર / આ તાંદુલનો સ્વાદ છે કેવો! નથી આરોગ્યા એકવાર." પરંતુ અહીં તો ઉરફે પૌંઆ નીચે દાટેલી સોનાની લગડીઓના સંદર્ભમાં એથી વધારે મૂલ્યવાન ભેટ બીજી કઇ હોઈ શકે એવા વેણ ઉચ્ચારે છે.

મકનજી ઊભા થઇ પોતાની નાનકડી સોગાદ લેવા જાય છે ત્યારે ઉરફે સોનાની લગડીઓ, ધાબળા અને નોટો ભરેલી ટ્રંકના જ સંદર્ભમાં આગળ કહે છે,

ઉરફે: એક પળ પણ હવે તો અળગો ના થવા દઉં મારાથી, મિત્ર! દ્વારપાળ, જાઓ, મારા સખાનો સામાન લઇ આવો - તાબડતોબ! સંભાળથી! - જાણે ત્રિભુવનનું રાજ્ય લઈને આવતા હો, એવી કાળજીથી!

પોલીસ પટેલ સખાનો સામાન લેવા જાય છે. મકનજી અને ઉરફે એકમેકને પ્રેમથી તાકી રહે છે. એ પછી નાટ્યકાર, 'સુદામાચરિત્ર'ના ૧૦મા કડવામાં પ્રેમાનંદે કૃષ્ણ-સુદામા વચ્ચે નિરૂપેલા આ સંવાદ-

પછી શામળિયાજી બોલિયા, તને સાંભરે રે
હાજી, સાંદીપ ઋષિને ઘેર, મને કેમ વીસરે રે
ત્યારે કામ કહ્યું ગોરાણીએ, તને સાંભરે રે
લઇ આવો, કહ્યું, કાષ્ઠ, મને કેમ વીસરે રે
નદીએ પૂર આવ્યાં ઘણાં, તને સાંભરે રે
ઘન વરસ્યો મુસળધાર, મને કેમ વીસરે રે [૧૬]

- ની સમાંતરે ઉરફે - મકનજી ના આ સંવાદ નિરૂપે છે.

ઉરફે: આપણ બેઉ પેલી નાનકડી નિશાળમાં સાથે ભણ્યા, મિત્ર, તને સાંભરે છે?
મકનજી: હા જી, પંડયા માસ્તરને ત્યાં, મને એ વીસરે કે?

ઉરફે: ને એકવાર ગુરુજીએ, ગોરાણીના કહેવાથી આપણને ગામ બહાર, શું ? કશુંક લેવા મોકલ્યા હતા, એ તને સાંભરે છે?
મકનજી: હા જી, ત્યાં તો ઘન વરસ્યો મૂશળધાર મને એ વીસરે કે?

પ્રેમાનંદની 'સાંભરે રે 'વાળી ધ્રુવપંક્તિ સંયોજીને નાટ્યકારે કૃષ્ણ-સુદામાના પુરાકલ્પનને અહીં સુંદર રીતે બહેલાવ્યું છે.

પોલીસ પટેલ સામો બિસ્તર, પોટલું અને ટ્રંક લઈને આવે છે. "મિત્ર, જીવનમાં તમારી પર ખૂબ દુઃખ પડયાં છે. પણ હવે આજે, એ બધાનો બદલો મળી જશે" એમ કહી ઉરફે તાંદુલની માંગણી કરે છે. મકનજી, "ના, ના, ભાઇ! ભેરુ! ક્યાં તમારો વૈભવ ને ક્યાં આ ગરીબના તાંદુલ!" એમ કહી સુદામાની જેમ પોટલી સંતાડે છે ત્યારે ઉરફે સૂચકપણે કહે છે.

ઉરફે: અરે મકનજી, એમ ના કહો, લાવો, લાવો. બતાડું હું તમારા તાંદુલ પાછળ શી સમૃદ્ધિ પડી છે તે-
મકનજી: પ્રભુ! નીકળ્યો ત્યારે મનમાં અનેક કામના હતી. હવે તમારા મેળાપ પછી કશી ઈચ્છા નથી. જવા દો એ તાંદુલને પણ- રહેવા દો શેષ બે મિત્રોની અનંત ગોઠડી.
ઉરફે: અરે મકનજી, ગોઠડી તો ચાલશે સવારે પણ-પણ ઘડી વીતી જાય છે. લાવો તમારા તાંદુલ!
મકનજી: સાચું કહું છું સખા, હવે કોઇ કામના નથી રહી! પડ્યા રહેવા દો એ તાંદુલને.

એમ કહી મકનજી, પોલીસ પટેલને તાંદુલનું પોટલું અને બીજું બધું

લઈ જવા કહે છે. પોલીસ પટેલ " હું? સાચે જ? સાહેબ? લઈ જઉં?" એમ કહી લેવા જાય છે એટલે ઉરફે પોતાનું પોત પ્રકાશે છે ને પોલીસ પટેલનો ઉધડો લેતાં કહે છે,

ઉરફે: જા જા હરામખોર! આ તો ગાંડીઓ છે તે કહે! પછી ચૂંટણીનું શું?... એય બદમાશ થા ઊંચો. મકનભાઈ, જુઓ તમેય સાંભળો, બહુ થયું આ નાટક.

મકનજી: નાટક? અમથાભાઈ, તમે?

એ સાથે કલ્પનની આખીયે લીલા સંકેલાઈ જાય છે. ઉરફે પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કરતાં કહે છે,

ઉરફે: હા, નાટક - ને એ પૂરું થયું. મકનજી હવે મરદની માફક માલનો સોદો કરીએ. હું જાણું છું કે હડહડતી ગરીબામાંથી તમને છોડાવે એવા કોઈ માણસની શોધમાં તમે નીકળ્યા છો. ફક્ત તમારી મરદની શરત એ છે કે એ માણસ તમારો દોસ્ત હોવો જોઈએ, તમારો માલિક નહીં. તમે ભીખ માંગવા નથી નીકળ્યા. સ્વમાની છો; કશાકના બદલામાં કશુંક લેવા નીકળ્યા છો. ને તમારા તાંદુલ, મકનજી, કેવા અમૂલ છે તે તમેય નથી જાણતા. ભીમા, ઉઘાડ કોથળા! (ભીમો પોટલા ઉઘાડે છે. નોટો, સોનું, ચાંદી નીકળે છે.) જુઓ-જુઓ મકનજી, આ તમારા તાંદુલ, મકનજી, આ ખજાનો તમે લાવ્યા?

મકનજી: આ? આ પૈસા? આ લગડીઓ? મારા નથી, ભાઈ!

ઉરફે: તમારા નથી. પણ તમે લાવ્યા છો. ખૂનીઓની ચોકી વટાવીને લાવ્યા છો, બહાદુર.

મકનજી: આ પૈસા, આ લગડીઓ, મને- મને કશાની ખબર નથી, તમે શું નામ તમારું ?

ઉરફે: મકનજી, મારું કોઈ નામ નથી. ફક્ત ઉપનામો છે. હમણાં મારું ઉપનામ અમથાભાઈ.

આ સાંભળી મકનજી નિર્ભ્રાન્ત થઈ જાય છે. તેને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે છે એટલે એ પોકારી ઊઠે છે.

મકનજી: સાહેબ? એ શબ્દ, એ નામ ક્યારેય કોઈનું યે ઉપનામ ના બની શકે. એ તો નામ છે, ફક્ત નામ, બધા રૂપલાલાનું અંતિમ નામ... તમે આમ મારો ઉપયોગ કરી ગયા? મારા વિશ્વાસનો, મારા સ્નેહનો, મારી જિંદગીભરની શોધનો આમ દુરુપયોગ કરી ગયા?.. તમે મારે હાથે પાપ કરાવ્યું ?

આ સાંભળી ઉરફે મકનજીને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપતાં કહે છે.

ઉરફે: અહીં, મકનજી, હવે નવો મન્વન્તર બેસી ગયો છે. નીતિની વ્યાખ્યાઓ બદલાઈ ગઈ છે; પાપનો બદલો હવે સ્વર્ગ મળે છે ને મકનજી, પુણ્યનો બદલો નરક - જેમાંથી તમે તાજા જ આવો છો; એ.

કૃષ્ણ સુદામાના પુરાકલ્પનના સામા છેડે છે આ નવો મન્વન્તર. મકનજી તો એની દીકરીનું આસમાની મોતી લેવા નીકળ્યો છે. જે મળે તો એક પાઈમાં મળે ને ના મળે તો કરોડો રૂપિયા ખરચતાં યે

ના મળે. ભાંગી પડેલા મકનજી ત્યાંથી જવા જાય છે. મકનજી જેવો સાચો માણસ હાથમાંથી છટકી જાય એ ઉરફેને પાલવે તેમ નથી એટલે એ કહે છે,

ઉરફે: મકનજી! થોભો. મારી યે એક પ્રમાણિકતા છે. તમે જીવને જોખમે આ ચીજે લઈ આવ્યા, અણીને વખતે ને હવે આમ ખાલી હાથે જશો? જુઓ, તમે મને તમારો અમથાભાઈ માનો. મારું આવું કોઈ કામ બે પાંચ વરસે એક વાર કરી આપજે.. કોઈની પાસે નથી, મારી પાસેયે નથી, એવી એક ચીજ તમારી પાસે છે. લોકોને વિશ્વાસ પડે તેવો શબ્દ. મારા થઈને રહો, ખ્યાલ કરી દઈશ. ખાલી હાથે પાછું જવું વસમું લાગશે, હોં.

મકનજી ઉરફેની બનાવટ પામી જાય છે. એના પ્રસ્તાવને ઠુકરાવતાં એ કહે છે,

મકનજી: ભાઈ, ખાલી હાથે જવું એટલું વસમું નથી લાગતું જેટલું ખાલી હૈયે જીવવું લાગત. હું તો એક અદનો માણસ. સાહેબ, પણ મારું યે એક સાચ છે. એનું નામ મેં આપ્યું છે, અમથાભાઈ. સાહેબ, તમે સમર્થ છો. તમને બીજું બધું મળશે પણ એક આ નામ મારી પાસેથી નહીં મળે. સાહેબ તમે સર્વેસર્વા હશો - પણ તમે મારા અમથાભાઈ નથી. ચાલો હું જઉં છું. હું તમારો માણસ નથી.

પોતાના જેવા બીજા કોઈ ભોળા માણસના વિશ્વાસનું ફરી આવું લિલામ ના થાય એ માટે પોતે આજે રાતોરાત ઉરફેને - જૂઠા અમથાભાઈને -

ઉઘાડા પાડશે એવી ધમકી સાથે મકનજી ત્યાંથી નીકળી જવા મથે છે ત્યારે ઉરફેના માણસો મકનજી ઉપર તૂટી પડે છે. એને ઊંચકીને ફગાવી દે છે ને બીજો અંક પૂરો થાય છે.

ત્રીજા અંકના પ્રારંભે પણ પરંપરાશીલ નાટ્યનું અનુસંધાન જોવા મળે છે. ગામના ચોતરે ભવાઇ ભજવાતી હોય, ભૂંગળની પહેલી શોર્ક વાગી ગઈ હોય, જોનારા પૈકીના અડધા બેસી ગયા હોય, બાકીના આમ તેમ ઊભા હોય ને નાયકના આદેશથી કોઇ " બેઠી જાઓ સાયેબો, એ બેઠી જાઓ, મારી માવડીઓ " એમ કહી બધાને બેસાડતો હોય, એમાં વળી કોઈ અટકચાળો આવીને " આ બધામાં એકે તારી માવડી જેવી લાગે છે ? ", એવી ટકોર કરી, કેવી રીતે કહેવાય એનો નમૂનો પેશ કરતો હોય તેમ બોલે, " એ બેઠી જાઓ મારા મોટા મોટા ભાઇઓ, નાની નાની ભાભીઓ, એ મોટા સાયેબો ને રૂડી રૂડી કુંવરીઓ - એ બેઠી જાઓ બેન, પેલાં પેલ્લાં બેન, જયા ભાદુરી જેવા દેખાય છે ને, એ, નાન્નકડા - બેઠી જાઓ. " - એ રીતે ત્રીજા અંકનો આરંભ થાય છે.

ઉરફે સાહેબ હવે એમ.પી. થયા છે. એમના ટેકેદારો સૂત્રોચ્ચાર કરતા મંચ પર ધસી આવે છે ને ઉરફે સાયેબના સ્વાગતનું ઉજવણું ચાલે છે. એ જોઇ બીજો ગવૈયો નાયકને કહે છે,

બીજો ગવૈયો : અમે તો તમારી વારતા સાંભળવા જ આવેલા, ને માણુ, ખ્યાલે ના રયો ને વારતાનું ઊખાણું થયુ, ને ઉખાણાનું નાટક થયું ને નાટકનો નાચ થયો ને નાચનું આ ઉજવણું થયું. અમે ય સાલુ

આયેલા સાંભળવા ને જોડાયા નાચમાં ને ઉજવણામાં

નાટકમાંથી ઉજવણું થઇ જાય, નટ પ્રેક્ષક વચ્ચેના અંતરો ભૂંસાઇ જાય, સૌ એક થઇ નાચે એવી પરંપરાશીલ નાટ્યની આગવી વિશેષતા અહીં ડોકાય છે.

પહેલો ગાયક નાયકને પૂછે છે, " આ નાટકની વારતા ને આ હકીકતના પરસંગો સાલા સેળભેળ થતા જાય છે, તે હેં, આમાં વારતા કેટલી ને હકીકત કેટલી, નાયક?" ત્યારે પરંપરાશીલ નાટ્યના informal સ્વરૂપનો લાભ થઇ નાટ્યકાર નાયક પાસે કહેવડાવે છે,

નાયક: વારતા ને હકીકત? જિંદગી ને નાટક? જૂઠ અને સાચ? કોણ જાણે છે, ભઇલા, કે કોણ છે આ અમથાભાઈને ને કોણ ઉર્ફે સાયેબ? કોણ છે આ મકનજી ને કોણ હું? અરે આ છોડી, કે આ તું, કે આ (ઉપર જોઈને) પેલો ઈલેટરીસિયન ઊંઘણશી - (એકદમ લાઈટ ઝાંખી, દૂર માત્ર એક તેજનું ચકરડું. બાકી એમાં દોડી જઈ) એલા, જરા નામ લીધુ તેમાં કરંટ કાપી નાખે છે? આ તો બે ઘડી - આમ જ પેલા છેક ઉપરવાળા ઈલેટરીસિયનનું યે હશે? (આસપાસ અંધારામાં જોઈ) એલા, છો કે તમે ત્યાં? લ્યા મને તો કંઈ સૂઝતું નથી, પણ બીજુ, લ્યા, તમે જોયું?

એમ પૂછી નાયક તેજ ચકરડામાં ઊભા ઊભા હલકભેર જરા ઝુલતા ગાય છે,

નાયક: એવું 'લ્યા?
આ વારતા નથી નથી ને છે
ને જિંદગી છે છે વળી નથી
મળે સાચ નવનીત
જૂઠના જળને મથી મથી

ત્યાં જ આખા મંચ પર ઝળહળ અજવાળું થાય છે ને ઉરક્કેના ટેકેદારો ઉજવણું કરતાં, ઝિંદાબાદ - ઝિંદાબાદ ઉરક્કે સાયેબ ઝિંદાબાદનું ગીત ગાય છે. પછી ગોળ ફરતા ફરતા ધજા, તોરણો તોડતા જાય છે. એ ઉજવણા વચ્ચે મકનજી આવીને ઊભો રહે છે. એની અમથાભાઈની શોધ જારી છે. પોતાના મનની વ્યથા સ્વગત કથન દ્વારા પ્રગટ કરતાં કહે છે,

મકનજી: ઓ ભગવાન, થાકયો હું તો! આ માર ખાધેલું શરીર કળે છે, એ કરતાં યે વધારે આ હાર ખાધેલું મન દુઃખે છે. ક્યાં હશે અમથાભાઈ? કોણ હશે અમથાભાઈ? હશે અમથા- -ભાઈ - કે હશે જ નહીં? ના-ના. હશે જ, ક્યાંક. મારા બાળપણનો ભગવાન, અમથાભાઈ, મારી જિંદગીનું સાચ, મારા નાનપણની મોટાઈ. બચપણનાં સ્મરણો. એમનો શો ભરોસો? એ તો જાણે દાદીની વારતા. વારતા જ અમથાભાઈ? હેતનો જાદુ જ અમથાભાઈ? થાકેલા હૈયાને પાંચ ધબકારા વધારે ધબકવા ધકેલતો એક અમથો ધક્કો જ અમથાભાઈ? અમથાભાઈ- બસ ધરમ ધક્કો? અફીણ, અમથાભાઈ? ઘવાયેલાને ઘેનમાં નાખી, પીડા વગર મોત ભણી લઈ જતું અફીણ અમથાભાઈ? કે અમરત? ઘા રુઝાવી, ઝેર ઉતારી,

નવું જીવન ધબકાવતું, સદ્‌ગુરુના પિયાલાનું પીણું?
અફીણ કે અમરત? શું હશે? કઇ રીતે મળશું? કોને પૂછું.

ત્યાં 'મનોરંજન નાટક કંપની'માં પડદા રંગવાનું કામ કરતા પોતાના ભત્રીજાને શોધતો એક વૃદ્ધ આવી ચઢે છે. તેને લઈને મકનજી નાટક કંપનીના ઉતારે પહોંચે છે. પોટલું લઈને ઊભેલા મકનજીને, ઉરકે સાયેબના ભાઇબંધ તરીકે, નાટકના દિગ્દર્શક તરત જ ઓળખી કાઢે છે. ઉરકે સાયેબના લાખો રૂપિયા ને જીવલેણ ગુસ્સા સામેય અણનમ ટકી રહેનાર મકનજી જેવા મોંઘેરા મહેમાનના સ્વાગત માટે ગાયિકા રાધાને મનમાં આવે તો કોઈક સરસ ચીજ ગાવા દિગ્દર્શક ફરમાઈશ કરે છે ને રાધા, " આયેના બાલમ ક્યા કરું સજની " ગીત છેડે છે. રાધાના ગીત દરમ્યાન બીજા બધાને મઝા આવે છે. મકનજીને એમાં પોતાનો જ અર્થ વરતાય છે. એ એકદમ અસ્વસ્થ થઇ જાય છે ને એકલો એકલો બબડવા માંડે છે.

મકનજી: (એકલા) થાક થાક હવે થાકોડો ચઢયો છે. આગળ જવાનો કોઇ અર્થ નથી. મારા પાછા જવાનો ય શો અર્થ? આશા માંડીને બેઠેલા મારી નાનકડી દીકરી પાસે એનું આસમાની મોતી લીધા વગર હું કઇ રીતે જઇ શકીશ? હવે મારો પોતાનો જ કોઈ અર્થ નથી. મને મારું સત્ય ના મળ્યું. મારું સપનું ના મળ્યું. મારું સત્ય એક સપનું જ હતું? સપનું? અરે! સપનાં એવા કંઇ જાગતા રેવાય? એ માટે તો ઊંઘી જવું જ પડે. મકનજી, તું જાગે છે કેમ હજી? ઊંઘી કેમ નથી જતો? અરે, મકનજી, હવે તો, મૂરખ, ઊંઘી જા; ઊંઘી જા, ઘસઘસાટ.

મકનજી હળવેથી ઊંઘની ગોળીઓ શીશીમાંથી કાઢી, હથેળીમાં જરા તોળી ફરી બબડે છે.

મકનજી: પેલી ચાવીને આમ જ હાથમાં તોળીને ફેંકી હતી, બહારના આકાશમાં. આ જે (ટીકડીઓને જોતાં) આ જે, એક રીતે ચાવી જ છે ને? લાવ એને મારી અંદરના આકાશમાં ફેંકું, લાવ, લાવ એનાથી મારા અનંતકાળ વસવાના એક ઘરનું તાળું ખોલી નાખું. લાવ-લાવ. આ જીવનનો ભાર મારે ખભેથી ફેંકી દઉં, એક બસ ઉલાળિયો કરીને!

એમ કહીને મકનજી હાથ ઝટકાથી મોં તરફ લઈ જાય છે, ત્યાં જ પડછાયામાં ઊભેલા દિગ્દર્શક આગળ આવી, આસ્તેથી એનો હાથ ઝાલી લે છે અને આત્મહત્યા કરતા વારતા હોય તેમ મકજીને કહે છે,

દિગ્દર્શક: મકનજી, તમે જિંદગીથી ડરશો તો જિંદગીનું કોણ?... જિંદગી કંઈ ખૂબસૂરત તો નથી જ, મકનજી. બિચારી બેડોળ છે, બોજ છે, બદનસીબ છે - પણ જો તમે નીચે મૂકી દેશો તો એને ઊંચકશે કોણ? બોલો?

ત્યારે રઝળપાટથી થાકેલો મકનજી પોતાની વેદના ઠાલવતાં કહે છે,

મકનજી: થાક્યો છું. હું તો હવે થાક્યો છું, સાહેબ, થાક્યો. સત્યથી કહો તો સત્યથી, સપનાથી કહો તો સપનાથી. સાહેબ, હું મારા જીવનના પણ, મને કદીયે ના મળતા સત્યથી,

મકનજી: મને એક સપનું સતાવે છે, સાહેબ. કેડો નથી મૂકતું. ફરી ફરી એ સપનું આવ્યા કરે છે. મારા સત્યનું સ્વપ્ન મને ખૂબ સતાવે છે, સાહેબ.. ઓથાર છે, એ એક ઓથાર. ફરી ફરી આવતું દુઃસ્વપ્ન... એક વાર બસ એક વાર જોવા મળે જો મને મારા મનના મૂળિયાનો મિત્ર! એક વાર જો મળી જાય -

જીવનના સત્યની શોધ, રઝળપાટને અંતે સ્વપ્ન બની ગઈ છે, દુઃસ્વપ્ન. જીવનનું સાચ હવે સપનું બની ગયું છે. મનના મૂળિયાના મિત્રને મળવાની આરત લઈને રઝળતા મકનજીને સાંત્વના આપતાં દિગ્દર્શક કહે છે,

દિગ્દર્શક: તો તો ઓથારે નથી, સપનું ય નથી, તમે જેને મળવા આમ આતુર આતુર છો એ તો તમારું સત્ય છે, મકનજી.

મકનજીની વિતકકથા સાંભળી તેની તરફ કરુણાનો ભાવ અનુભવતા સાથીઓને દિગ્દર્શક સૂચના આપે છે,

દિગ્દર્શક: રખે એની દયા ખાતા. તમને સહુને એની વાત, એની શોધ, એનું તડપન ખબર છે. ભલે એ વિશે તમે પોતપોતાના મનની, ગમા ને અણગમાની સાચી વાત કહો - પણ જૂઠી મમતા ના બતાડતા.

બધાને બોલાવી દિગ્દર્શક મકનજીને વિદાય આપવાની ક્યારત ગોઠવે છે.

દિગ્દર્શક પૂછે છે," મકનજી લઇ આવ્યા તાંદુલ?" ત્યારે મકનજી કહે છે," હા જી મળ્યા. મને તો લાગે છે કે સરસ મળ્યા." પછી સ્હેજ ખચકાઈને, અમથાભાઈને ભાવશે કે નહીં એવી શંકા સેવે છે. દિગ્દર્શક "અમથાભાઈને જરૂર ભાવશે" એમ કહીને મકનજીને સાંત્વના આપે છે. આમ નાટ્યકાર કૃષ્ણ-સુદામાના કલ્પન સાથે સંકળાયેલ તાંદુલ -નો સંદર્ભ એક યા બીજા પ્રકારે દરેક દૃશ્યમાં આપતા રહ્યા છે.

રાધા, સુખલાલ ને અન્ય સૌ ભેગા મળી મકનજીના વિદાયનું ગીત ગાય છે.

ગાણે: મકનજીને મળશે કે નહીં મળે?
મળશે કે નહીં મળે?
મકનજી, મળશે કે નહીં મળે?

મકનજી એનો જવાબ આપતાં ગાય છે

મકનજી: જરૂર મળશે, જરૂર મળશે, જરૂર મળશે મિત્ર
હુખાવી પાંછીથી ચીતરશે સુંદર જીવન ચિત્ર
નથી મિત્ર મારો ભ્રમણા, મારો મિત્ર નથી કોઈ અવઢવ
ના પંડિતનું ચિંતન ઠાલું, ના મૂરખની લવલવ
છે, એ છે, બસ આમ જ એ તારા-મારા જેવો છે,
અણથક શોધું જો હું એને જડી જાય એ એવો છે..

હવે પછીના વરસોમાં એ કોઈ પણ પળે મળશે એવી ખાતરી સાથે મકનજી, ખભે લાકડી પર જોડા ટીંગાડી, માથે પોટલી મૂકી, સુદામાની જેમ

ગીત ગણગણતો નીકળી પડે છે સુંદરગઢ તરફ, બાલસખાની શોધમાં.

મકનજી: રેઈનબો ઈન ધ સ્કાય
હે પેલો સુંદરગઢ દેખાય
અરે! કનકકોટ ચમકારા કરે - પ્યોર ગોલ્ડ!
વ્હેન આઇ બિહોલ્ડ રે રેઈન્બો ઈન ધ સ્કાય!
માય હાર્ટ લીપ્સ અપ

સાલું, પ્રેમાનંદ ને વર્ડ્ઝવર્થ બેય મારા બેટા
સામટાં આજે યાદ આવે છે,
અમથા અમથા.
અમથાભાઈની લીલા, બીજું શું?

રસ્તામાં માઇલના પથ્થર જુએ છે. 'દિલ્લી આઠસો કિ.મી. દૂર.'
પથરા સાથે મકનજી વાત કરે છે, "લ્યા સુંદરગઢનું કહે ને? એનું
તો નામે નથી લેતો!" થાકેલો મકનજી હવે લવારીએ ચઢે છે,

મકનજી: ઓ પ્રભુ! હે અમથાભાઇ! ક્યાં ભૂલો પડ્યો હું? કે આજ
રસ્તો છે? આવો, રેતાળ. કેવો રેતાળ પ્રદેશ છે? પાણીયે
નથી મળતું ક્યાંય. વસ્તી યે કેવી પાંખી છે. કૂવો-વાવ-
ક્યાંક હશે? જીવ કંઠે આવ્યો છે - તરસ તે કાંઈ તરસ?
.... આંધી! આ રેતી ક્યાંથી ફૂટી નીકળી આટલી બધી?
મારી ભીતરથી જ જાણે એ ઠેઠ મારીને મારી ચોતરફ ફેલાઈ
ગયું છે આ નિર્જળ રણ. આ આંધીયે અંતે મારી પાંસળીઓના
સળિયા તોડીને બહાર આવી છે. કેવું બિહામણું આ રણ...

મકનજી: ... બેદરકાર ઈશ્વરના અગોચર અગોચર ચહેરા જેવું બિહામણું ને ભવ્ય. પૂરેપૂરું સ્વતંત્ર. ચાહે ત્યાં ફેલાય, ચાહે તે કાફલાને ચાહે ત્યારે કબૂરી દે. કાફલો? સોદાગરો? ઊંટ? જર જવેરાત? મુસાફરો? મકનજી? છે જ ક્યાં કશું યે? છે માત્ર રણ! આ બધું તો રણની તાંડવ નાચતી કાયાની નાની નાની મુદ્રાઓ! છે જ ક્યાં બીજું કશું? અહીં તો આ અફાટ રણ પોતાની સાથે રમત કરે છે. પોતાને ઢાંકે છે ને પોતાને જ પ્રગટ કરે છે. પોતાને જ દાટી દે છે ને પોતાને રસ્તો બતાડે છે. અરે પેલો ચંદ્ર બનીને યે રણ જ પોતાને જુએ છે. આંધી બનીને રણ પોતાની સામે આંખો મીંચી દે છે. અરે છે જ ક્યાં, મકનજી, પોતે યે છે જ ક્યાં? છે માત્ર બિહામણું આ સુંદર રણ.. રણ, રણ-મને મારા રૂપે ટકી રહેવા દે ને! તારાથી અલગ રહીને મારે તને જોવું છે! મારે તને મારા મિત્ર રૂપે જોવું છે. રણ, મારે તને અમથાભાઈના આકારમાં જોવું છે. મને ટકી રહેવા દે ને! પણ હવે.. હવે હું નહીં બચું. કેટલે - કેટલે દૂર હશે સુંદર--ગઢ? મારી- મારી રાહ જોતા હશે અમથાભાઈ. કેટલી રાહ જોતા હશે મારા બાલસખા (ઊઠવા કરે છે) મારે જવું જ રહ્યું! ઊહ!ઊહ, નિર્બળ જંતુ, તારા જીવતરનું સાચ તારી રાહ જુએ છે, પેલા સુંદરગઢમાં.

ક્યાં મધ્યકાળનો સુદામા ને ક્યાં આજનો આ મકનજી? સુદામા માટે દ્વારકા જવું એ રઝળપાટ નથી. એ તો મિત્રમિલન માટેની, પ્રભુ-મિલન માટેની સુખદ યાત્રા છે. સુદામાને મિત્રના ઠામઠેકાણાની ખબર છે, મિત્ર મળવાનો છે એવી આસ્થા છે. મિત્ર પરત્વે દિલમાં ભારોભાર

ભક્તિ છે અને માથે તાંદુલનું પોટલું છે. આટલા ભાથા સાથે નીકળી પડેલો નરસિંહનો સુદામા કેવો સ્વસ્થ છે!

ચાલિયો વાટમાં જ્ઞાનના ઘાટમાં
મિત્ર મોહન તણું નામ લેતો
ધન્ય તું નાર, અવતાર સફળ કર્યો
કૃષ્ણ તું, કૃષ્ણ તું એમ કહેતો [૧૭]

પણ અહીં નથી અમથાભાઈનું ઠામઠેકાણું. મળશે કે નહીં એવી સતતની અવઢવ છે, ગડમથલ છે. રહીસહી આસ્થાય તૂટી જાય એવો રઝળપાટ છે, પાગલ રઝળપાટ. એવામાં મકનજીને સંભળાય છે એના અંતરાત્માનો અવાજ. અસ્વસ્થ મકનજીને પોતાના અંતરનો અવાજ સંભળાય છે તે દર્શાવવા નાટ્યકારે 'થરથરતા બે અવાજ - સ્વસ્થ અવાજ ટેપ થયેલો ધ્વનિક્ષેપક પરથી જ સંભળાય છે' એ પ્રકારના રંગનિર્દેશ વડે મકનજીના સ્વસ્થ અને ત્રસ્ત એવા બે અવાજની નાટ્યપ્રયુક્તિ યોજી છે. મકનજીના અંતરાત્મા-નું સૂચન કરતો માઈકમાંથી સંભળાતો મકનજીનો સ્વસ્થ અવાજ મકનજીને છેલ્લી જિજીવિષાના બળથી ઊભા થઈ પાછા ફરવાનું આહ્‌વાન આપતો કહે છે.

મકનજી: (સ્વસ્થ) તારો આ પાગલ રઝળપાટ ખતમ થયો - ઊઠ ને પાછો ફર નહીં તો તું જ ખતમ થઈ જઈશ. ચેત.

મકનજી : (ત્રસ્ત) હવે શું ચેતવાનું? હું હવે સાચે જ ખતમ થઈ જવાનો. મારામાં સ્હેજે શક્તિ નથી રહી.

અંતરાત્માનો અવાજ મકનજીને 'થોડું ખા. સ્હેજ કાંટો આવશે' એમ કહી કશુંક ખાવાની સલાહ આપે છે.'રણમાં રેતી સિવાય બીજું શું ખાઉં' એવી મકનજી દલીલ કરે છે ત્યારે તેના અંતરનો અવાજ તેને અમથાભાઇ માટે સાચવી રાખેલા સરસ તાંદુલ ખાઈ જવાની શીખામણ આપે છે. જો એમ નહીં કરે તો ગુરુવારની બપોરના બાર વાગ્યાના ભેંકાર રણની સ્તબ્ધતામાં જ એની જિંદગીના બધા ટકોરા વાગી જશે એમ જણાવી તાંદુલ ખાઈ જવાનો આગ્રહ કરે છે. મકનજી કહે છે,

મકનજી: (ત્રસ્ત) ના, ના, ના, ના. કદી નહીં. મારા પ્રભુના છે એ તો, મારા અમથાભાઈના. એ હું ખાઉં? ના બને.

મકનજી : (સ્વસ્થ) મૂરખ, ખા, ખા ને જીવ બચાવ. નહીંતર આ ધગધગતા રણમાં તું મરેલો પડીશ અને તારી બાજુમાં તારા તાંદુલ. પછી આ રણની સૂકી હવા સદીઓ સુધી તમને સુંઘશે પણ નહીં - ખા!

મકનજી : (ત્રસ્ત) પણ - પણ અમથાભાઈના - મારા બાલસખાના - ના, ના, (કરગરે છે)

મકનજી : (સ્વસ્થ) કોઈ છે નહીં, અમથાભાઈ. છે માત્ર ભૂખ. તપતું રણ અને તપતો તું. ખા. આ તપોવનમાંથી પાછો જ તારે ગામ.

મકનજી : (ત્રસ્ત) ના, ના... !

પાછી આંધી ફૂંફાડા મારે છે. સુસવાટા સંભળાય છે. મકનજીને લાગે છે હવે પોતે નહીં બચે. અંતરાત્માનો અવાજ કહે છે તાંદુલ ખા ને પાછો જ. મકનજીને તો પોતાના બાલસખાના મુખની ઝાંખી કરવી છે,

ફક્ત એકવાર. એને કશું નથી જોઈતું. ન ધન, ન મહાલય, ન સોનું. બસ એકવાર આંટ માંડીને જોવો છે, પોતાના મિત્રને, પોતાના જીવનના સાચને. પણ અંતરાત્માના અવાજ આગળ છેવટે હારી જાય છે. તાંદુલ ખાવાનો નિર્ધાર કરતાં કહે છે.

મકનજી : હા, હા, હા- ખાઈશ. તાંદુલ ખાઈશ - પણ પાછો નહીં જઉં. આગળ જઈશ. સુંદરગઢ તરફ. અમથાભાઈ! તારી પાસે આવવાને કાજે નાછૂટકે તારા તાંદુલ ખાઉં છું હું, તારો નિર્બળ મિત્ર - માફ કરજે.

મકનજી તાંદુલ-પૌંઆ ખાય છે. જરા ટટ્ટાર થાય છે. પોતાના અંતરના અવાજને આથમી જવાનું, ડૂબી જવાનું કહી આગળ વધે છે. રસ્તામાં વાવ જેવું દેખાય છે. " હાશ પાણી મળશે ને કોઈક હશે તો સુંદર--ગઢનો રસ્તો બતાવશે" એમ મનને મનાવતો મકનજી વાવના કાંઠે આવી ઊભો રહે છે. કર્ણમધુર પણ અપાર્થિવ સંગીત સંભળાય છે. ગાયોનો ગોવાળ વાવમાંથી પાણી પીવડાવે છે. વાવની તખ્તી પર મકનજી રાણાવાવ ગામના નગરશેઠનું નામ વાંચે છે. પોતાના ગામ પાસે પણ રાણાવાવ છે એવું બબડે છે. ગોવાળ,

ઘાટ વિનાનો ઘડો, ગુરુજી, એમાં વણવરસેલાં નીર,
એક નદી એવી જેને એકે તરફે નહીં તીર

એવી અગમનિગમની વાણી વદતો જતો રહે છે.

અંધારું થાય છે. ફરી અજવાળું થતાં મકનજી પોતાના ગામમાં આવી પહોંચેલો દેખાય છે." મકનજી શેઠ આવી પહોંચ્યા" એમ કહી સુખલાલ શેઠ, સેવકલાલ વગેરે મકનજીનું સામૈયું કરે છે. મકનજી એ બધાને ત્યાં જ ઊભા રહેવાનું કહી પોતાના ઘર તરફ પ્રયાણ કરે છે. પોતાના ઘરની જગ્યાએ એક મોટી હવેલી જોઈને એ અચંબામાં પડી જાય છે.

'સુદામાચરિત્ર'માં પ્રેમાનંદ કહે છે,

ઋષિજી ભાખે હરિગુણગ્રામજી, ગોઠવણ કરતાં આવ્યું ગામજી
દીઠાં મંદિર કંચન-ધામજી, ઋષિ વિચારે શું ભૂલ્યો ઠામજી? [૧૮]

મકનજી પણ હવેલી જોઈને બબડે છે,

મકનજી: અરે, આ કોઈ હવેલી લાગે છે! ખોટા મહોલ્લામાં પેસી ગયો હું તો! ગામલોકને કોણ જાણે ક્યાંથી મારા આવવાની જાણ થઈ ગઈ હતી. બધાં ભેગા થઈ ગયા હતા. એક હાર્યા- થાક્યાની આવી ઠેકડી? કોણ જાણે શોયે આનંદ આવતો હશે, ગામલોકને આવી વિગતવાર ઠેકડી ઉડાડવામાં. હશે. હરિઈચ્છા!

હવેલી જોઈ સુદામા વિચારે છે

ઠામ ભૂલ્યો પણ ગ્રામ નિશ્ચે, આ ધામ કો ધનવંતના
એ ભવનમાં વસતો હશે, જેણે સેવ્યાં ચરણ ભગવંતના [૧૯]

પ્રેમાનંદની આ જ પંક્તિઓનું પુનરાવર્તન નાટ્યકાર અહીં મકનજીના મુખે કરાવે છે.

મકનજી : (ફરી હવેલી તરફ જોઈને) :

આ હવેલી! હું શેરી ભૂલ્યો, ગામ ભૂલ્યો
પણ નિશ્ચય આ ધામ ધનવંતના
આ ભુવનમાં વસતો હશે જેણે
સેવ્યા ચરણ ભગવંતના

મકનજીને થાય છે જગા તો આ જ છે. ઘરના આંગણાનો લીમડો, ઘરમાંથી દેખાતું એ મોતી સરોવર, પેલું રામમંદિર, ઉપર ફરકતી તેની ધજા, આ બધી એંધાણીઓ જોઈ એને લાગે છે કે કોઈએ પોતાનું ઘર પાડી નાંખી હવેલી બંધાવી છે. ઉપર જોઈ તે મોટેથી બૂમ પાડે છે, " ભાઈ, અરે કોઈ છે હવેલીમાં? ભાઈ? આ કોની હવેલી છે, કોઈ કહેશો? છે કે હવેલીમાં કોઈ-ભાઈ? " બૂમ સાંભળી ઝરૂખે મકનજીની વહુ આવે છે. " અરે આ તો સ્વામી! " એમ કહેતી નીચે દોડી આવે છે. અહીં પણ કૃષ્ણ- સુદામાના કલ્પનનું અનુસંધાન જોવા મળે છે. 'સુદામા ચરિત્ર'માં સુદામા એંધાણી સહુ જોતો જોતો મંદિરે ફરી આવે છે. હવેલી જોઈ મનોમન કહે છે,

" આ ભવન ભારે કોણે કીધાં? પર્ણકુટી મારી ક્યાં ગઈ? " ૨૦

ભવન જોઈ સુદામો નિઃશ્વાસ મૂકે છે. વિચારે છે,

" કો છત્રપતિનાં ઘર થયાં / આશ્રમ ગયાનું દુઃખ નથી, પણ

બાળક મારાં કયાં ગયાં ? / હોમશાળા, રુદ્રાક્ષમાળા, પવિત્ર કુશાની સાદડી - / વિભૂતિ મારી ક્યાં ગઈ ? વિપત સામટી એ પડી." [૨૧]

કોટિ સંકલ્પવિકલ્પ કરતો સુદામો આવાગમનના હીંડોળે ચડે છે ત્યાં

બારીએ બેઠાં પંથ જોતાં, નિજ કંથ સ્ત્રી- દૃષ્ટે પડયો.
સાહેલી એક સહસ્ર સાથે, સતી જતી પતિને તેડવા; [૨૨]

મકનજીની વહુ કહે છે કે અરબસ્તાનથી તમે મોકલેલા નાણાંથી આ હવેલી બની. દીકરી કહે છે કે બસરાથી તમે મોકલેલા ઘરેણાંથી મારો શણગાર થયો. અને આ બધું બન્યું ગુરુવારે બપોરે બાર વાગે. મકનજીએ જે ક્ષણે તાંદુલ સ્વયં આરોગ્યા એ ક્ષણે. 'સુદામાચરિત'-માં જે ક્ષણે કૃષ્ણ મોંમાં તાંદુલ મૂકે છે એ ક્ષણે જ ચમત્કાર સર્જાય છે -

તાંદુલ જવ મુખ માંહે મૂકયા, ઊડી છાપરી આકાશ;
તેણે સ્થાનક સુદામાને થયા સપ્ત- ભોમી આવાસ;
ઋષિપત્ની થઈ રુકિમણી સરખી, થયા સાંબ સરખા પુત્ર
વૈભવને શું વિવેક વખાણે, જેવું કૃષ્ણનું ઘર સૂત્ર
અષ્ટ મહાસિદ્ધિ ને નવે નિધિ, મોકલી વણમાગી
તે સુદામોજી નથી જાણતા, જે ભવની ભાવઠ ભાગી
હાથી ડોલે ને દુંદુભિ બોલે ગુણીજન ગાયે સાખી;
જડિત હીંડોળો, હેમની સાંકળ, હીંચે છે હરિણાખી
હીરા રત્ન કનકની કોટી હાર્યો ધને કુબેર;
કોટી ધ્વજ, લાખેણા દીપક, વાજે છપ્પન ઉપર ભેર. [૨૩]

એમ અહીં મકનજી જે ક્ષણે તાંદુલ આરોગે છે એ ક્ષણે જ મુહૂર્ત જોઈ હવેલી ખરીદાય છે. બસરાથી દીકરી માટે એરીંગ, નથણી, માળા ને બંગડીઓ લવાય છે. આ બધું મકનજીના માનવામાં નથી આવતું. તે બોલી ઊઠે છે, "ના હોય!" આ સાંભળી તેના અંતરાત્માનો સ્વસ્થ અવાજ તેને કહે છે,

અવાજ : (સ્વસ્થ) કેમ ના હોય, મકનજી?

મકનજી : અરે, કેમકે ગુરુવારે બપોરે બાર વાગ્યે તો -

અવાજ : અંત વિનાના ડંકાઓની મેં તમને વાત કરી હતી, કેમ?

મકનજી : અરે હા, ને ગુરુવારે બપોરે બાર વાગ્યે...

અવાજ : બોલો, બોલો, મકનજી! ગુરુવારે બપોરે બાર વાગે?

મકનજી : પેલા ભયાનક રણમાં, અંતે, અમથાભાઈને મળવાની એકમાત્ર ઈચ્છાને કારણે, તમારા કહ્યાથી, અવાજભાઈ..!

અવાજ : આગળ.

મકનજી : અરેરે, અમથાભાઈને આપવાના પવિત્ર તાંદુલ મેં ખાઈ લીધા હતા! તો યે! બરાબર એ જ પળે?

અવાજ : એ જ પળે. મકનજી, જ્યારે એક અદનો માણસ પોતે પોતાના હકના તાંદુલ, કોઈ અક્રીણિયા ખ્યાલ માટે રાખી મૂકવાને બદલે, અતે જ ખાય છે, ને એ જ ઘડીએ...

અહીં નાટ્યકારનો પોતાનો અવાજ સંભળાય છે. કૃષ્ણ માટે - કોઈ અદીઠ, અગોચર બાહ્ય તત્ત્વ માટે - તાંદુલ રાખી મૂકવા એ જાણે કોઈ અક્રીણિયો ખ્યાલ છે. અદનો માણસ, પોતાનો માંહ્યલો જાગી ઊઠતાં, તાંદુલ સ્વયં આરોગે એ ક્ષણે 'સાક્ષાત્કાર' થાય છે, ચમત્કાર સર્જાય છે, એવું નાટ્યકારનું ચિંતન અહીં 'અવાજ'માં પડઘાય છે.

દિગ્દર્શક આવીને મકનજીને પૂછે છે," આ ચમત્કાર થયો કેવી રીતે?" ત્યારે નાટ્યકાર મધ્યકાલીન અફીણી આસ્થાના લીરેલીરા ઉડાડતા, 'સ્વસ્થ અવાજ'ના મુખે કહેવડાવે છે.

અવાજ: અરે બનાવ્યો હશે કોઈ ધનપતિએ કે ગાદીપતિએ. આ વાતને અવળો અર્થ આપીને એમની અફીણિયા સંસ્કૃતિ ટકાવી રાખવા, બીજું શું?

મકનજીને થાય છે આ બધું ઉરફે સાયેબે કર્યું હશે. દિગ્દર્શક જાણે કૃષ્ણ-સુદામાના કલ્પનના સંદર્ભમાં બોલતો હોય તેમ કહે છે,

દિગ્દર્શક: કેમ મકનજી! ઉરફે સાહેબ કરી શકે તો અમથાભાઈએ ના કર્યું હોય, પ્રત્યક્ષ મળ્યા વગર?

મકનજી: હા, હા, નક્કી, એમ જ. નક્કી મારા જીવનના આધાર, મારા મિત્રનું કામ.

ત્યાં અંતરાત્માનો અવાજ તેને ચેતવે છે.

અવાજ: ચેત, મકનજી! આવાં ધુમ્મસિયા ખ્યાલો બાબત ચેત! નહીં તો, જો, એમ્બ્યુલંસ તો મંગાવી તારી વહુએ. હવે ડોક્ટરો તને પાગલખાના ભેગો કરશે - ચાલ હું જઉં.

પોતે મકનજીને તાંદુલ ખાવાની સલાહ આપી એટલા માટે પોતાનો આભાર માનવાનું કહેતા 'અવાજ'ને અને પોતે તાંદુલ લેવાની સલાહ આપી એટલા માટે પોતાનો આભાર માનવાનું કહેતા દિગ્દર્શકને

ઊભા રાખી મકનજી કહે છે,

મકનજી : ઊભા રહો બન્ને! દિગ્દર્શક સાહેબ, તમે ખરી ઘડીએ
તાંદુલ લેવડાવ્યા, ને અવાજભાઈ, તમે ખરી ઘડીએ
તાંદુલ ખાવાનું કહ્યું, પણ એક વાત ના ભૂલતાં...
કે તાંદુલ ખાધા તો આ મકનજીએ પંડે જ.

દરવાજે એમ્બ્યુલંસ આવી પહોંચે છે. અવાજ 'આ પાગલખાનાની ગાડી તો બારણે આવી, મકનજી' એવી સૂચના આપે છે. દિગ્દર્શક, "હવે ઘર સંભાળો" નહીં તો પાગલખાનામાં જવું પડશે એવો ઈશારો કરે છે. મકનજીએ પરિસ્થિતિ સાથે સમાધાન કરવાનું મનોમન નક્કી કરી લીધું છે એટલે પોતાનું ઘર સંભાળવા ચાલી નીકળે છે. જતાં જતાં કહે છે,

મકનજી : જરૂર! મારા દોસ્ત, જુઓ હવે આ બંને ચાવી
મારે હાથ!.. અને હું મારા ભગવાન, તારે હાથ!

એ સાથે ગવૈયા જુદા જુદા પાત્રોના વેશમાં તખ્તા પર આવે છે, હારબંધ અને લલકારે છે, "આસો મહિનાની રાત હોય / કંઈ ખાસ ના આમ કંઈ વાત હોય / મસ્તીમાં આવી જય તોય એનું નામ મકનજી..."

'મકનજી, વહુ, દીકરી, ત્રણે ઉત્તમ કીમતી પહેરવેશમાં, મંચ ઉપર મૂકેલા ગાર્ડન ટેબલ પર બેઠાં બેઠાં ચા-નાસ્તો કરે છે.' આ રંગનિર્દેશ સ્પષ્ટપણે દર્શાવે છે કે મકનજીએ પરિસ્થિતિ સાથે સમાધાન કરી લીધું છે.

kalpana's

મકનજી ચા પીએ છે. બિસ્કીટ ખાય છે. "ચા ઈલાયચી નાંખેલ પીએ, સાથે બટરનું બિસ્કુટ લીએ, પછી શહેનશાહની જેમ જીએ, એનું નામ મકનજી" એવા સમાધાનકારી સૂર સાથે નાટ્યકાર ભવાઈ, આખ્યાન, પદ જેવા મધ્યકાલીન ઓજારોથી વિકસાવેલા કૃષ્ણ-સુદામાના કલ્પનને સમેટી લે છે. મકનજી હાથ ઊંચો કરી બધાનું અભિવાદન કરે છે અને પડદો પડે છે.

'પાગલખાનાની ગાડી - એમ્બ્યુલંસ - દરવાજે આવી પહોંચી છે' એ રંગનિર્દેશ પરથી શ્રી સતીશ વ્યાસે મકનજીને સ્વપ્નમાં હવેલી નિહાળતો, મનોભ્રમણા સેવતો અને અંતે પાગલ થઈ જતો કહ્યો છે.[૨૪] સમગ્ર રચનામાં તેમના મતે, માનવ અસ્તિત્વની વ્યર્થતાનો એક બોજ છે જે હળવી શૈલીમાં વણી લેવામાં આવ્યો છે. આખું નાટક ઉપહાસ-વિડંબનના આ શર્કરાવરણની પડછે વેદનાને ઘૂંટે છે.[૨૫]

મકનજી અંતે પાગલ બની જતો નથી પણ શ્રી હસમુખ બારાડી અને ડૉ. લવકુમાર દેસાઈ નોંધે છે તેમ અંતે મકનજી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અને પત્ની, બાળકો વગેરે આત્મજનોને ખુશ રાખવા જાત સાથે છેતરપીંડી કરી, આત્મદ્રોહી બની સમાધાનનો સસ્તો માર્ગ સ્વીકારી લે છે.[૨૬] તાંદુલ જાતે ફાકી જવા, બંને ચાવી પોતાને હાથ હોવી અને પત્ની બાળકો સાથે ચા બિસ્કીટ આરોગવા તેનું પ્રમાણ છે.

કૃષ્ણ-સુદામાના પુરાકલ્પન અને પરંપરાશીલ નાટ્ય જેવી નાટ્ય-પ્રયુક્તિઓના સંદર્ભમાં શ્રી બારાડી અને ડૉ. દેસાઈ નોંધે છે કે પરંપરિત લોકનાટ્યના સ્વરૂપનો એમાં વિનિયોગ થયો છે. સુદામાના

તાંદુલે ભગવાન શ્રીકૃષ્ણ પામવાના મકનજીના પ્રયત્નો એને આર્થિક - સામાજિક પરિબળો સામે મૂકી દે છે અને આખો સંઘર્ષ કટાક્ષકારુણ્યના રંગો ઘૂંટતો આગળ વધે છે. પદ્ય અને વૃંદગેયતત્ત્વ એમાં સુપેરે પ્રયોજાયું છે. આ નાટકમાં નટ-પ્રેક્ષક સંબંધ એ રીતે સ્થાપિત થયો છે કે નાટ્યારંભે તેનું એક પાત્ર પ્રેક્ષકસમૂહમાંથી રંગમંચ ઉપર ચડે છે; નવીન નાટ્યલેખોમાં એ રીતે આ નાટક નોંધપાત્ર બન્યું છે. લોકબોલીની સાથોસાથ ભદ્ર નાગરી ઢોળ ચડેલી એની વાગ્મિતા નોંધપાત્ર છે. આ નાટક નાટ્યભાષા માટે કવિની શોધનું એક મહત્ત્વનું ઉદાહરણ પૂરું પાડે છે. નાયકની આખ્યાનકારની શૈલી, સાંપ્રત સમાજમાં છાશવારે ઉચ્ચારાતાં સૂત્રોના લહેકા, ગોવાળની અવળવાણી, મકનજીના અંતરાત્માનો અવાજ વગેરેના સર્જનાત્મક વિનિયોગને કારણે નાટકની અભિવ્યક્તિ વધુ સંકુલ, કલામય અને સૂક્ષ્મ બને છે.[૨૭]

સન્ ૧૯૮૮માં અમદાવાદની કોરસ સંસ્થા દ્વારા આ નાટક પહેલી વાર ભજવાયું. કેન્દ્રીય સંગીત નાટક અકાદમી, નવી દિલ્હીની 'યુવા પ્રતિભાશાળી દિગ્દર્શક' યોજના હેઠળ, નિર્દેશક નિમેષ દેસાઈએ આ નાટકનો પ્રથમ પ્રયોગ 'ભારતભવન' ભોપાલ ખાતે અને બીજો પ્રયોગ અમદાવાદ ખાતે રજૂ કર્યો.

આ નાટકની ભજવણી દિગ્દર્શકે 'પ્રોસીનિયમ થિયેટર' તેમજ 'એનવાયરમેન્ટલ થિયેટર' - બંધ નાટ્યગૃહ તેમજ મુક્તાંગન નાટ્યગૃહ - એમ બંને પ્રકારના નાટ્યગૃહોમાં કરી હતી. એક જ દિગ્દર્શક દ્વારા વિભિન્ન શૈલીમાં નાટક રજૂ થવાથી નાટકની ભાષા કેવી બદલાય છે તે તપાસનો વિષય બને છે.

ચિનુ મોદીની જેમ સિતાંશુ યશશ્ચંદ્રે પણ 'કેમ, મકનજી, ક્યાં ચાલ્યા?' લખતી વખતે Poor Theatre અને Total Theatre નો આદર્શ સતત સામે રાખ્યો હતો કે જેથી તેની રજૂઆત વખતે ભપકાદાર સન્નિવેશ કે દબદબાભરી વેશભૂષા અથવા તો પછી ધ્વનિ કે પ્રકાશ આયોજનના પેંતરા કેન્દ્રમાં ન રહેતાં નટનો અભિનય કેન્દ્રમાં રહે અને તેના થકી જ આખું નાટક ઉઘડે.

નિમેષ દેસાઈએ જ્યારે પ્રેમાભાઇ હૉલમાં પ્રોસીનિયમ પ્રકારના થિયેટરમાં નાટકની રજૂઆત કરી ત્યારે સન્નિવેશ ઊભો કરવાની જગ્યાએ એક રોસ્ટ્રમ અને પ્રકાશ-આયોજનની મદદથી વિવિધ locales પ્રતીકાત્મક રીતે ઊભા કર્યા હતા. મકનજીનું ઘર હોય કે પછી ધરમશાળાનો ઓટલો, વેપારીની દુકાન હોય કે પછી ઉરફે સાહેબનો આરામભર્યો ખંડ, નાટકકંપનીનો ઉતારો હોય કે નિર્જળ અને અફાટ રણ, વાવનો કાંઠો હોય કે ઊંચી હવેલી - આ બધાં ક્રિયાસ્થળો પેલા રોસ્ટ્રમ દ્વારા સૂચવાય અને પાત્રોના અભિનય વડે જે તે સ્થળનું વાતાવરણ ઊભું થાય એવી યોજના દિગ્દર્શકે કરી હતી, ના કોઈ ભપકો, ના કોઈ ઠાઠ!

ભવાઇનો ઢાંચો સ્વીકાર્યો હતો પણ ભવાઈની ભૂંગળથી તેઓ દૂર રહ્યા હતા. કેવળ નાયકના પાત્રથી ભવાઈ સાથેનું અનુસંધાન તેમણે જાળવ્યું હતું. ગાયકવૃંદ નાટકમાં આવતાં ગીતો પણ ગાય અને વિવિધ પાત્રો પણ ભજવે એવી લેખકે યોજેલી પ્રયુક્તિને તેમણે યથાતથ જાળવેલી. લેખકે આમેજ કરેલી, પ્રેક્ષકની સન્મુખ જ નટનું પાત્રમાં રૂપાંતર થાય એવી ઍપિક થિયેટરની પ્રણાલિ તેમણે જુદી રીતે પણ સાચવી રાખી હતી જેમ કે નાયક અને સમૂહ જ્યારે," પગ

થનકથનક નાચે જેના, એનું નામ મકનજી..." એ મકનજીના આવણાંનું ગીત ગાતાં ગાતાં કથ્થક નૃત્ય કરે છે ત્યારે મકનજી બનતો નટ પ્રેક્ષકો સામે જ જાણે કથ્થકની તાલીમ લેતા નર્તક જેમ પહેલાં કથ્થકના steps શીખે અને એકવાર શીખી લીધા પછી મકનજીની અદાથી નૃત્ય કરે એવી યોજના કરી હતી અને એ રીતે નાટકની ભાષા દ્વારા નટનું પાત્રમાં થતું રૂપાંતર દર્શાવ્યું હતું.

નાટકનાં વિવિધ ગીતોમાં પ્રયોજાયેલા જાતજાતનાં કલ્પનોને દૃશ્યરૂપ આપી મંચ ઉપર સાકાર કરવા માટે દિગ્દર્શકે આગવી મંચભાષા યોજી હતી જેમ કે "મકનજી! એક જ કૂંચી તારી / મકનજી, બીજી કોઈ બળિયાને હાથ" એ ગીતમાં આવતું કૂંચીનું કલ્પન મંચ ઉપર સાકાર કરવા માટે દિગ્દર્શકે એક વિશાળ કદની huge ચાવી મંચ ઉપર આણી હતી અને ગીત ગવાતું હોય ત્યારે ગળામાં નાની નાની ચાવી ધારણ કરેલું નર્તકવૃન્દ એ વિશાળ ચાવીની આસપાસ નૃત્ય કરે, ચાવીના ઉપરના ગોળ છેદમાંથી પસાર થાય એ રીતની યોજના કરી હતી. તેવી જ રીતે "જો જો! જો જો પડી ના જાય / કોઈને મકનજી! ઢાંકેલું આપનું આંસુ જડી ના જાય..." ગીતમાં આવતા 'આંસુ'ના કલ્પનને મંચ ઉપર સાકાર કરવા માટે, આંસુના ટીપાં અંકિત કરેલો dress પહેરેલું વૃન્દ નર્તન કરે અને પશ્ચાદ્ભૂમાં આંસુનો એક વિશાળ પરપોટો દેખાતો હોય તેવા પ્રકારનું આયોજન કર્યું હતું.

ત્રીજા અંકમાં મકનજી ખભે લાકડી પર જોડા ટીંગાડી, માથે પોટલી મૂકી, સુંદરગઢ તરફ પ્રયાણ કરતાં ગીત ગણગણે છે, "અરે ડાબા! અરે જમણા! / અરે ડાબા જમણા, ડાબા જમણા, ડાબા

જમણાભાઈ! / રેઈનબો ઈન ધ સ્કાય! પેલો સુંદરગઢ દેખાય, હે પેલો સુંદરગઢ દેખાય... અહીં મકનજી "અરે ડાબા! અરે જમણા!" એ શબ્દો પોતાના ડાબા જમણા પગને ઉદ્દેશીને બોલે છે એવું અર્થઘટન તારવી દિગ્દર્શકે મકનજીને ચાર્લી ચેપ્લીનની અદાથી ચાલતો અને પોતાના ડાબા જમણા પગ સાથે વાતો કરતો દર્શાવ્યો હતો. વળી ગીતમાં 'રેઈનબો ઈન ધ સ્કાય' શબ્દો વડે સૂચવાતા મેઘધનુષને મંચ પર સાકાર કરવા માટે 'રેઈનબો ઈન ધ સ્કાય' એ શબ્દોના ઉચ્ચારણ સાથે જ મેઘધનુષના સાત રંગોનો બનેલો એક વિશાળ ફુગ્ગો ઉછળીને મકનજીના પગ આગળ ફંગોળાય અને મકનજી બનતો નટ સ્વયં ગીત ગાતાં એ ફુગ્ગા સાથે રમતો રહે એ પ્રકારની animated movements દિગ્દર્શકે set કરી હતી જે અત્યંત અસરકારક નિવડી હતી. S.D. Desai, Times of India માં લખે છે, " The lines rendered by Arvind Vaidya towards the close when he as Makanji seems close to the realization of his dream, beginning with Pelo Sundargadh dekhay, are touching." [૨૮]

ગીતોના મંચન સમયે દિગ્દર્શકે લોકનાટ્ય, પારંપારિક નાટ્ય અને આધુનિક બેલેનાં વિવિધ તત્ત્વો છૂટથી ઉપયોગ કર્યો હતો. આ સંદર્ભમાં S.D. Desai યથાર્થપણે નોંધે છે, " Nimesh Desai, who has directed the play, proves his directorial excellence once again. With an eye for visuals he has satisfactorily laid out his scenes and compo- - sitions, freely drawing from the folk drama, the

traditional drama and the modern ballet; he has meaningfully designed action interspersing among the play's variegated words, and lent continuity and momentum to it with soulful music and appropriate lights; and most importantly, he has brought out the rich connotation of the written word with brilliant stage images. Parts where suggestiveness is strong, one feels, can stand a second viewing." ૨૯ ગીતોના શબ્દોમાં રહેલા વ્યંગ્યાર્થને વ્યક્ત કરતાં 'રંગચિત્રો' ફરી ફરીને જોવાં ગમે એવાં આહ્લાદક હતાં.

નાટકના હાર્દને અસરકારક રીતે ઉપસાવવા માટે દિગ્દર્શકે વિશિષ્ટ પ્રકારની રંગભાષા પ્રયોજી હતી જેમ કે પ્રથમ અંકમાં મકનજી, સાંજના જમવા ચોખા, લોટ, દાળ ને ઘઉં અને દીકરી માટે આસમાની મોતી ખરીદવા બજારમાં નીકળી પડે છે એ દૃશ્યમાં નાટ્યકારે સુખલાલ વેપારીની 'દુકાન'નું સૂચન ત્રાજવાંથી... થાય એવો રંગનિર્દેશ આપ્યો છે. મકનજીની બધી ચાવીઓ બળિયાને હાથ છે ને એ તો સાવ વામણો છે એવો અર્થ ઉપસાવવા માટે દિગ્દર્શકે આ ત્રાજવાં પણ, તે હોય તેના કરતાં ખૂબ જ વિશાળ કદના અને ચાંદીના બનેલા દેખાડ્યા હતા અને તે માટે મોટા છાબડા પર એલ્યુમિનિયમની વરખ ચઢાવી હતી ને દોરીઓ પણ સફેદ ચળકતી રાખી હતી. આવા huge ત્રાજવાં આગળ મકનજી આપોઆપ વામણો લાગે એવી ગોઠવણ કરી હતી.

ઉર્ફીના આગમન વખતે, સોગઠાં ગોઠવવામાં ઉસ્તાદ અને કાવાદાવા

kalpana's

ખેલવામાં અઠંગ એવા આ છદ્મવેશી કૃષ્ણને રંગમંચની ભાષાથી સૂચિત કરવા માટે દિગ્દર્શકે, નાયક જેવું " ઉર્ફે આયા ચેતમે" whispering tone માં ગણગણે ને કોરસ ઉર્ફેનું આવણું ગાવા માંડે કે તરત જ સફેદ સાયકલોરામા ખસી જાય અને તેની જગ્યાએ શેતરંજનો પટ - chessboard - ચીતરેલો પડદો ઉપરથી નીચે સરકે એટલું જ નહીં, શેતરંજ ચીતરેલા રોસ્ટ્રમ ગોઠવાઇ જાય અને શેતરંજ ચીતરેલી કંતાનની બનેલી જાજમ મંચ પર પથરાઇ જાય અને દૃશ્ય પૂરું થતાંની સાથે બધું સંકેલાઇ જાય એવી પ્રયુક્તિ યોજી હતી. ઉર્ફેના બધા gesture /posture તેમણે stylised રાખ્યા હતા.

મકનજી અને ઉર્ફેના પ્રથમ મિલન વખતે નાટ્યકારે કૃષ્ણ-સુદામાના પુરાકલ્પનના સંદર્ભમાં ઉર્ફે સાહેબને મધ્યકાલીન રીતે ખેસ, જામો, પહેરણ પહેરીને બેઠેલા કલ્પ્યા છે. દિગ્દર્શકે કૃષ્ણ-સુદામાના પુરાકલ્પનને મંચ પર સૂચિત કરવા માટે ઉર્ફેની વેષભૂષામાં આવું પરિવર્તન કરવાની જગ્યાએ રંગમંચના એક ખૂણે ધજા ફરકતી રાખી હતી અને ઉપરથી જથ્થાબંધ માત્રામાં તાંદુલ મંચ ઉપર રેલાય એવી ગોઠવણ કરી હતી.

મકનજીને તેના અંતરાત્માનો અવાજ સંભળાય છે એ દર્શાવવા માટે નાટ્યકારે મકનજીના બે થરથરતા અવાજની પ્રયુક્તિ યોજી છે. અંતરા-ત્માનો અવાજ, ટેપ થયેલા અને ધ્વનિક્ષેપક પર સંભળાતા સ્વસ્થ અવાજ રૂપે સંભળાય એવી યોજના નાટ્યકારે સૂચવી છે. આ દૃશ્યને વધુ પ્રેક્ષણીય બનાવવા માટે દિગ્દર્શકે પોતાની આગવી રંગભાષા યોજી હતી. ધ્વનિક્ષેપક પરથી સંભળાતા ટેપ થયેલા અવાજની જગ્યાએ તેમણે ગ્રીક કોરસ જેવા કોરસની કલ્પના કરી હતી અને

સ્વસ્થ અવાજ દ્વારા બોલાતા સંવાદો કોરસ દ્વારા બોલાય એટલું જ નહીં સંવાદો બોલતી વખતે સમગ્ર કોરસ મકનજી સાથે આંધળો પાટો જેવી દેશી રમતો રમતું હોય ને acrobatesના દાવપેચ ખેલતું હોય એ પ્રકારે કોરસની કોરિયોગ્રાફી યોજી હતી.

'કેમ, મકનજી, ક્યાં ચાલ્યા?' ની રજૂઆત પ્રેમાભાઈ હૉલ જેવા પ્રોસીનિયમ થિયેટરમાં કરતી વખતે દિગ્દર્શકે આ પ્રકારની વિવિધ નાટ્યપ્રયુક્તિઓથી ઘડાયેલી રંગભાષાનો વિનિયોગ કર્યો હતો. પ્રોસી--નિયમ થિયેટર ઉપરાંત તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદના પટાંગણમાં Environmental Theatreની પરંપરામાં પણ આ નાટક ભજવ્યું હતું. પ્રેક્ષકો વચ્ચે બેસે અને તેમની ગોળ ફરતે, સત્યની શોધમાં નીકળી પડેલા મકનજીનું પરિભ્રમણ ચાલે એ રીતનું આયોજન દિગ્દર્શકે કર્યું હતું. પ્રોસીનિયમ થિયેટરમાં મર્યાદિત spaceને લીધે દિગ્દર્શકે ઓછામાં ઓછા ઉપકરણોથી સંકેતાત્મક રીતે ક્રિયાસ્થળો ઊભા કરવા પડે જ્યારે અહીં તો વિશાળ space ઉપલબ્ધ હોવાને કારણે દિગ્દર્શકે પરિષદની વિશાળ ભૂમિમાં વિવિધ સ્થળોએ સાચૂકલા locales ઊભાં કર્યાં હતાં. એક ખૂણે મકનજીનું ઘર હોય તો તેનાથી થોડા અંતરે ધરમશાળાનો ઓટલો ને સ્હેજ આગળ બજાર ને વેપારીની દુકાન. બીજા છેડે ઉરફીનો આવાસ અને ત્રીજા છેડે મોટી હવેલી. અહીં ગીતોના મંચન સમયે વિશાળ કદની ચાવી કે આંસુનો મોટો પરપોટો કે મેઘધનુષી ફુગ્ગો એવી પ્રયુક્તિઓ અપ્રસ્તુત ઠરે એટલે દિગ્દર્શકે તેને ટાળી હતી.

નાટકના પ્રથમ અંકના અંતે મકનજી, "તમારી પાસે ફક્ત એક સાચો જવાબ માંગવા, મારો કારમો સવાલ લઈને આવું છું.. અમથાભાઈ...

અમથાભાઈ, મારા નાનપણના દોસ્ત, મારી દીકરીનું ખોવાઈ ગયેલું એક આસમાની મોતી લેવા આવું છું" એવું તારસ્વરે પોકારે છે. આ દૃશ્યને environmental theatre માં અસરકારક રીતે રજૂ કરવા માટે દિગ્દર્શકે કોરસના બે ભાગ પાડ્યા હતા. કોરસનો એક ભાગ 'આવું છું આવું છું આસમાની મોતી લેવા આવું છું' એવું ગીત મધુર સ્વરે ગાય અને એ ક્ષણે કોરસનો બીજો ભાગ હાથમાં સળગતી મશાલો લઈને, ફ્રીઝ થઈ ગયેલા મકનજી આગળથી પસાર થાય.. જલતી મશાલો જાણે મકનજીના innerselfને પ્રગટ કરતી હોય.. એ રીતે આખું દૃશ્ય દિગ્દર્શકે યોજ્યું હતું.

નાથમઢીના પાદરે ગોરધન, કાલુ ગામમાં ઉરફે સાહેબે ચૂંટણી જીતવા મોકલેલ એકેય થાળી, પવાલું, સાડી, ધોતિયું ન વહેંચાય એ માટે ચોકી કરતા હોય છે અને ત્યાં જીપ આવે છે એવું દૃશ્ય છે. પ્રોસીનિયમ થિયેટરમાં તો કેવળ પ્રકાશ અને ધ્વનિ દ્વારા જ જીપનો આભાસ ઊભો કરાય પણ environmental theatre માં એવી કોઈ મર્યાદા નડે નહીં એટલે દિગ્દર્શકે સાચુકલું પાદર ઊભું કરી, સાચે-સાચી જીપ લાવી, તમંચાના ધડાકા ભડાકા કરી રીતસરની ધમાલ મચાવેલી.

પ્રોસીનિયમ થિયેટરમાં તો ખૂબ ઓછા ઉપકરણોથી નાટકમંડળીના ઉતારો સૂચવવો પડે પણ environmental theatre માં તો આખી નાટકમંડળી ઊભી કરી શકાય એટલે દિગ્દર્શકે તેનો લાભ લઈ જાણે કોઈ નાટકમંડળીએ પડાવ નાંખ્યો હોય એવો ખેલ રચ્યો હતો. એક બાજુ પડદા રંગાતા હોય, બીજી બાજુ ગાવા બજાવાની તાલીમ અપાતી હોય, ક્યાંક સંવાદની અદાયગીનો રિયાઝ ચાલતો હોય, ક્યાંક નૃત્યના ઠેકાનું રિહર્સલ ચાલતું હોય એવો માહોલ દિગ્દર્શકે ઊભો કર્યો હતો.

નાટકના અંતિમ દૃશ્યમાં, અનોભ્રમણામાં રાચતા મકનજીને મોટી હવેલી દેખાય છે. પ્રોસીનિયમ થિયેટરમાં તો નટના પ્રતિભાવો દ્વારા મોટી હવેલીનો આભાસ ઊભો કરવામાં આવ્યો હતો. જ્યારે environ--mental થિયેટરમાં તો દિગ્દર્શકે રેશમી કાપડનો ૨૦' ઊંચો તોતિંગ પડદો બાંધી ઉપર નાનકડી બારી બનાવી હતી અને પડદાની પાછળ GEB ના કર્મચારીઓ દ્વારા વપરાતી ૫૦/૬૦ પગથિયાંવાળી લાંબી સીડી મૂકી હતી. અને એ રીતે હવેલી ઊભી કરી હતી. નાટકમંડળીના કલાકારો જ નાટકના એક ભાગ રૂપે પ્રેક્ષકો સામે જ આખી હવેલી ઊભી કરે એવું આયોજન કર્યું હતું. મકનજીની વહુ, લાંબી સીડી ચઢી બારીમાંથી એકલી ડોક જ બહાર કાઢતી અને તેનાથી ૨૦ ફૂટ નીચે ભોંય પર ઊભેલા મકનજીને નિહાળતી. વૈભવમાં ગળા સુધી ડૂબી ગયેલી ને પોતાનું શરીર પરપુરુષને સોંપી ચૂકેલી મકનજીની વહુ તેનાથી આબાદ રીતે ઉપસતી હતી.

દિગ્દર્શકે પાત્રવરણી કરતી વખતે પણ એક ખાસ દૃષ્ટિ રાખી હતી. નાટ્યકાર, દેખાવે ભલોભોળો લાગતો હોય તેવો નટ મકનજીની ભૂમિકા ભજવે - જેમ કે નિમેષ પોતે - તેવો આગ્રહ રાખેલો પણ દિગ્દર્શક તો દેખાવમાં જમાનાનો ખાધેલ અને ખંધો દેખાતો હોય, જેના ચહેરા પર ભોળપણની એકાદ લકીરેય ફરકતી ના હોય તેવા નટને મકનજીની ભૂમિકા સોંપવા મક્કમ હતા એટલે તેમણે પોતે એ ભૂમિકા ન ભજવતા અરવિંદ વૈદ્યને મકનજીનું પાત્ર સોંપ્યું હતું. ને અરવિંદ વૈદ્યે પોતાની સઘળી શક્તિ રેડી એ પાત્રને પૂરેપૂરો ન્યાય આપ્યો હતો. મકનજીની વહુ સાવ દેશી લાગે ને પોળનાં બૈરાં લડતાં હોય એવા અવાજમાં ને ગામઠી લ્હેકામાં બોલતી હોય એવી દિગ્દર્શકે visualize કરી હતી એટલે સાવ નવીસવી અભિનેત્રી મીના બાપોદરાને

એ ભૂમિકા સોંપવામાં આવી. ઉર્ફેની ભૂમિકા નિમેષે સ્વયં ભજવી, અને નાયકની ભૂમિકા નિવડેલા નટ જયંતિરામને સોંપી. S.D. અવલોકે છે," Arvind Vaidya's portrayal of Makanji is highly sensitive. While Nimesh's brief appearance as Urfe is full of verve, Jayantiram's Nayak illus--trates good casting. Needless to add, the rest of them, nearly two score, emerge as a well-knit team" [30]

આમ દિગ્દર્શકે પ્રોસીનિયમ થિયેટર અને environmental theatre એમ બંને શૈલીમાં નાટકની સફળતાપૂર્વક રજૂઆત કરી, બંને પ્રકારની શૈલીઓને અનુરૂપ આગવી મંચભાષા પ્રયોજી હતી અને વિવેચકોની દાદ મેળવી હતી. S.D. Desaiના શબ્દોમાં કહીએ તો, "All in all, Kem Makanji... is a fine stage production of a genuinely original play in Gujarati. There is spontaneity in the way words flower forth in this play. The communication through them is subtle. The direction has a degree of quality rather uncommon on our stage..." [31]

સંદર્ભ

૧ શ્રી હસમુખ બારાડી, ડૉ. લવકુમાર મ. દેસાઈ : કહો, મકનજી ક્યાં ચાલ્યા? ગુજરાતી વિશ્વકોશ, ખંડ (૪) પૃ. ૨૭૧
૨ શ્રી ઉત્પલ ભાયાણી, ગુજરાતી સાહિત્યનો આઠમો દાયકો, પ્રથમ આવૃત્તિ: સાટે. ૧૯૮૨, પૃ. ૧૦૬
૩ શ્રી સતીશ વ્યાસ, 'અંતરની આંખે' અમધિકાનો વેશ, પ્રતિમુખ, પ્રથમ આવૃત્તિ : પૃ.૭૮
૪ એજન પૃ. ૭૭થી ૮૩
૫ એજન પૃ. ૭૮
૬ પ્રેમાનંદનો પ્રતિભાવિશેષ : આરતી ત્રિવેદી : પ્રથમ આવૃત્તિ : સાટે. ૧૯૯૦ પૃ. ૩૬-૩૭
૭ કવિ પ્રેમાનંદ અને નરસિંહ કૃત 'સુદામાચરિત': સંપાદક: મગન- -ભાઈ પ્રભુદાસ દેસાઈ, બીજી આવૃત્તિ : ૧૯૫૧, ગુજરાત વિદ્યાપીઠ પૃ. ૧૧૭
૮ એજન પૃ. ૭
૯ શ્રી સતીશ વ્યાસ : પ્રતિમુખ: પૃ. ૭૯
૧૦ 'સુદામાચરિત' પૃ. ૮
૧૧ એજન પૃ. ૪
૧૨ એજન પૃ. ૨૯
૧૩ એજન પૃ. ૩૦
૧૪ એજન પૃ. ૩૫
૧૫ એજન પૃ. ૩૭
૧૬ એજન પૃ. ૩૧
૧૭ એજન પૃ. ૧૨૧

૧૮ એજન પૃ. ૪૩

૧૯ એજન પૃ. ૪૩

૨૦ એજન પૃ. ૪૩

૨૧ એજન પૃ. ૪૪

૨૨ એજન પૃ. ૪૫

૨૩ એજન પૃ. ૩૭/૩૮

૨૪ શ્રી સતીશ વ્યાસ: પ્રતિમુખ: પૃ. ૮૨

૨૫ એજન પૃ. ૮૧

૨૬ ગુજરાતી વિશ્વકોશ, ખંડ (૪) પૃ. ૨૭૧

૨૭ એજન પૃ. ૨૭૧

૨૮ Happenings : Theatre in Gujarat in the Eighties પૃ. 57

૨૯ એજન પૃ. 57

30 એજન પૃ. 58

3૧ એજન પૃ. 57

kalpana's